ખેતી બેંક

કૃષિ વિચાર

વર્ષ : 1 | અંક નં : 11 | ફેબ્રુઆરી-માર્ચ 2025

ગુજરાત સ્ટેટ કૉ-ઑપરેટીવ ઍગ્રીકલ્ચર ઍન્ડ રૂરલ ડેવલપમેન્ટ બૅન્ક

2025

International Year of Cooperatives

Cooperatives Build a Better World



દેશના આર્થિક અને સામાજિક વિકાસ માટે આવશ્યક

વન નેશન, વન ઈલેક્શન

બૅન્કના કાર્યવાહક મંડળના સદસ્યશ્રીઓ



શ્રી ડૉલર કોટેચા
ચૅરમૅનશ્રી



શ્રી જીવણભાઈ બી. આહિર
વાઇસ ચૅરમૅનશ્રી



શ્રી જેઠાભાઈ જી. ભરવાડ
ડે. સ્પીકર



શ્રી અનિરુદ્ધભાઈ બી. દવે
MLA



શ્રી બ્રિજરાજસિંહ એચ. જાડેજા



શ્રી જશાભાઈ બી. બારડ



શ્રી ફલજીભાઈ ગેમરભાઈ પટેલ



શ્રી ગોવાભાઈ એચ. દેસાઈ



શ્રી મંગળસિંહ આર. પરમાર



શ્રી કાનભા એફ. ગોહિલ



શ્રી કિરીટસિંહજી કે. ગોહિલ



શ્રી વીરજીભાઈ કે. હુંબ્બર



શ્રી હરદેવસિંહ ટી. જાડેજા



શ્રી નટવરસિંહ એસ. મહીડા



શ્રી ગણપતસિંહ બી. સોલંકી



શ્રી સુરેશભાઈ ડી. પટેલ



શ્રી રામજીભાઈ એચ. ચૌધરી



શ્રી જિગ્નેશકુમાર એન. ડાકોર



શ્રી એન.પી. ઉપાધ્યાય IAS રજિસ્ટ્રારશ્રી
સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય



શ્રી બી. કે. સિંઘલ
ચીફ જનરલ મેનેજરશ્રી નાબાર્ડ



ડો. વિ. એમ. ચૌધરી
જૉઇન્ટ મેનેજિંગ ડીરેક્ટરશ્રી



ખેતી બેન્કે 2024-25માં ૩. 103.10 કરોડનો વિક્રમી નફો નોંધાવ્યો

31 માર્ચ 2025ના રોજ ખેતી બેન્કની બોર્ડ મીટીંગમાં બેન્કના ચેરમેન ડોલરભાઈ કોટેચાએ બેન્કના નફાની ઘોષણા કરી

છેલ્લા ત્રણ વર્ષથી બેન્કની તમામ શાખાઓ નફો કરી રહી છે.

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને સહકાર મંત્રી અમિતભાઈ શાહની 'સહકારથી સમૃદ્ધિ'ની પરિકલ્પનાને સાકાર કરવા ખેતી બેન્ક તત્પર

ખેડૂતોને કૃષિ સંલગ્ન તમામ આર્થિક સહાય કરવા સદાય તત્પર રહેતી ખેતી બેન્ક સફળતાના શિખરો સર કરી રહી છે. દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને સહકાર મંત્રી અમિત ભાઈ શાહની 'સહકારથી સમૃદ્ધિ'ની પરિકલ્પનાને સાકાર કરવા માટે પણ ખેતી બેન્ક પ્રયત્નશીલ છે.

ગુજરાતના ખેડૂતોની પોતાની બેન્ક ખેતી બેન્કની વડી કચેરીએ પ્રણાલી મુજબ નાણાંકીય વર્ષ 2024-25ના અંતિમ દિવસે 31 માર્ચના રોજ બોર્ડ મીટીંગનું આયોજન કર્યું હતું. બેન્કના તમામ ડિરેક્ટર્સની ઉપસ્થિતમાં બેન્કના ચેરમેન 2024-25માં ચેરમેન ડોલરભાઈ કોટેચાએ બેન્કના હિસાબ રજૂ કર્યા હતા.

ગત નાણાંકીય વર્ષ 2024-25માં ખેતી બેન્કે રૂ. 103.10 કરોડનો ગ્રોસ નફો જાહેર કર્યો છે. આ ઉપરાંત રૂ. 72.05 કરોડનો અનઑડિટેડ પ્રોવિઝનલ નેટ નફો જાહેર કરવામાં આવેલ છે.

છેલ્લા ત્રણ વર્ષથી બેન્કની તમામ શાખાઓ નફો કરી રહી છે. ખેતી બેન્ક સતત ત્રણ વર્ષથી 0 ટકા નેટ એનપીએ ધરાવતી દેશની સર્વપ્રથમ બેન્ક બની છે.

બેન્કનું સ્વભંડોળ રૂ. 689.88 કરોડ, ધિરાણ રૂ. 975.31 કરોડ અને થાપણો રૂ. 255.20 કરોડ જેટલી છે.

બેન્કના ચેરમેન ડોલરભાઈ કોટેચાએ રૂ. 103.10 કરોડના વિક્રમી નફા માટે બેન્કના કાર્યવાહક મંડળના સભ્યો અને પ્રતિનિધિઓનો આભાર માન્યો હતો. આ ઉપરાંત તેમણે બેન્કના અધિકારીઓ અને કર્મચારીઓને ઉમદા કામગીરી બદલ અભિનંદન પાઠવ્યા હતા. બેન્કની આ સિદ્ધિની ખુશી વ્યક્ત કરતા તેમણે ઉપસ્થિત સર્વે અધિકારીઓ અને કર્મચારીઓનું મોં મીઠું કરાવીને તેમને ફરી શુભેચ્છા પાઠવી હતી.



દેશના આર્થિક અને સામાજિક વિકાસ માટે આવશ્યક વન નેશન, વન ઈલેક્શન

દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશનું સુકાન સંભાળ્યા બાદ એવા અનેક મહત્વપૂર્ણ નિર્ણયો લીધા છે જેનાથી દેશના વિકાસની ગતિને વેગ મળ્યો છે અને દેશને વૈશ્વિક ફલક પર આગવી ઓળખ મેળવવામાં મદદ મળી છે. વન નેશન, વન ઈલેક્શન (ONOE) એટલે કે એક રાષ્ટ્ર, એક ચૂંટણી પણ આવી જ એક મહત્વપૂર્ણ પહેલ છે જેને ભારત જેવી વિશ્વની સૌથી મોટી લોકશાહીમાં અમલી બનાવવા માટે કેન્દ્ર સરકાર પ્રયત્નશીલ છે. આ નવી ચૂંટણી પદ્ધતિથી થનારા ફાયદા અંગે જાગૃતિના અભાવે અને રૂઢિચુસ્ત માનસિકતાને કારણે ઘણા લોકો તેને સ્વીકારતા ખચકાટ અનુભવી રહ્યા છે. આથી ભારત સરકાર દ્વારા નવી ચૂંટણી પદ્ધતિ અને તેના ફાયદા અંગે લોકજાગૃતિ માટે અનેક પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે. આ ચૂંટણી પ્રથાથી ન માત્ર દેશમાં રાજકીય સ્થિરતા આવશે, પરંતુ દેશની તિજોરી ઉપર પણ રૂ. 12,000 કરોડ જેટલું ભારણ ઘટશે. આ રૂપિયાનો ઉપયોગ સરકાર પ્રજાના હિતમાં કરી શકશે.



ઈલેક્શન કમિશન ઑફ ઈન્ડિયાની દેખરેખ હેઠળ સ્વતંત્રતા મેળવ્યા બાદ ભારતમાં રાજ્ય અને કેન્દ્ર સ્તરની 400થી વધુ ચૂંટણી યોજાઈ ગઈ છે જે ભારતીય ચૂંટણી પંચની પારદર્શિતા અને પ્રામાણિકતાનો પુરાવો છે. પરંતુ દરેક ચૂંટણી યોજવા પાછળ દેશની સંપત્તિ અને સંશાધનોનો ભરપૂર ઉપયોગ થાય છે. આથી જ 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી'ના વિચારને સમર્થન મળી રહ્યું છે.

વન નેશન, વન ઈલેક્શનની શું જરૂર છે?

ભારતમાં હાલ જુદા જુદા રાજ્યોમાં અલગ અલગ સમયે ચૂંટણી યોજાય છે. કેન્દ્રમાં સરકાર ચૂંટવા માટે દર પાંચ વર્ષે એક વખત આખા રાષ્ટ્રમાં તબક્કાવાર ચૂંટણીનું આયોજન થાય છે. જો કે લોકસભા અને વિધાનસભાની ચૂંટણી સ્વતંત્ર રીતે યોજાય છે. તે એકબીજા સાથે સંલગ્ન નથી. આ ઉપરાંત રાજ્યોમાં સ્થાનિક સ્વરાજ્યની એટલે કે પંચાયત અને મ્યુનિસિપાલિટીની ચૂંટણી પણ અલગથી યોજાય છે. આમ, ભારત દેશમાં અત્યારે ત્રણ ત્રણ ચૂંટણીઓ અલગ અલગ સમયે યોજાય છે. વન નેશન, વન ઈલેક્શન એક જ વારમાં આ ત્રણેય ચૂંટણી એક સાથે યોજવાનો પ્રસ્તાવ મૂકે છે.

ગુજરાતનું ઉદાહરણ આપીને વાત કરીએ તો ગુજરાતના મતદાતાઓએ વિધાનસભાની ચૂંટણી માટે 2022માં મતદાન કર્યું હતું. ત્યાર બાદ 2024માં લોકસભાની ચૂંટણીમાં મતદાન કર્યું હતું. 2025માં ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજાઈ જેમાં મતદાતાઓએ ફરી મતદાન કર્યું. આમ છેલ્લા ત્રણ વર્ષમાં ત્રણ અલગ સ્તરે પ્રતિનિધિઓની નિમણૂક કરવા માટે મતદાતાઓએ

વન નેશન, વન ઈલેક્શન માટે કમિટીનું ગઠન

ફક્ત પોતાનો સ્વાર્થ જોતા, રાજકારણને પ્રાથમિકતા આપતા અને દેશમાં શાંતિ ન ઈચ્છતા તત્વો આ વ્યવસ્થાનો વિરોધ કરી રહ્યા છે. 17 ડિસેમ્બર 2024ના રોજ લોકસભામાં એક રાષ્ટ્ર, એક ચૂંટણી બિલ રજૂ કરવામાં આવ્યું છે. બિલની તરફેણમાં 269 અને વિરોધમાં 198 મત પડ્યા છે. હાલ આ બિલ વધુ ગહન અભ્યાસ માટે સંસદીય સમિતિને મોકલવામાં આવ્યું છે. આ માટે ભારત સરકારે પૂર્વ રાષ્ટ્રપતિ રામ નાથ કોવિંદના નેતૃત્વમાં એક હાઈ લેવલ કમિટીનું ગઠન કર્યું છે. આ કમિટીએ વન નેશન, વન ઈલેક્શન પ્રસ્તાવના દરેક પાસા પર ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો છે અને સાથે સાથે નાગરિકો, રાજકીય પક્ષો અને ઉદ્યોગોનું પ્રતિનિધિત્વ કરનારી સંસ્થાઓના મંતવ્યો મંગાવ્યા છે. કમિટીને વન નેશન, વન ઈલેક્શન માટે દેશના ખૂણે ખૂણામાંથી અને લક્ષદ્વીપ, આંદામાન અને નિકોબાર, નાગાલેન્ડ, દાદરા અને નગર હવેલી જેવા રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી નવી ચૂંટણી વ્યવસ્થાની તરફેણમાં પ્રતિસાદ સાંપડ્યો છે. કમિટીને મળેલા 21,500 વોટમાંથી 80 ટકા વન નેશન, વન ઈલેક્શન વ્યવસ્થાની તરફેણમાં છે તેમાંથી તરફેણમાં સૌથી વધારે વોટ તામિલ નાડુ, મહારાષ્ટ્ર, કર્ણાટક, કેરળ, પશ્ચિમ બંગાળ, ગુજરાત અને ઉત્તર પ્રદેશમાંથી મળ્યા છે.

મતદાન કેન્દ્ર પર જવું પડ્યું હતું. અને આ દરેક વખતે ચૂંટણી કમિશને વોટિંગ બૂથ ઊભા કરવા, તેની સિક્યોરિટી જાળવવાનો અને ચૂંટણી મેનેજ કરવા માટે સમય, શક્તિ, પૈસા અને સંશાધનોનો ભરપૂર ખર્ચ કરવો પડ્યો હતો. જો આ ત્રણ વખત મત આપવા જવાને બદલે નાગરિકો એક જ વખતમાં ત્રણે સ્તરની ચૂંટણી માટે મત આપી શકે તો તેનાથી મતદાતાને પણ અવારનવાર મત આપવા જવાની જરૂર પડશે નહિ અને ઈલેક્શન કમિશનનું કામ પણ સરળ બની જશે.

આ તો થઈ ફક્ત ગુજરાતની વાત. ભારત જેવા વિશાળ દેશમાં કોઈને કોઈ રાજ્યમાં કોઈને કોઈ ચૂંટણી યોજાયા જ કરતી હોય છે. આથી દેશના ઘણા સંશાધનોનો ઉપયોગ ચૂંટણી યોજવા પાછળ જ થાય છે. સ્વતંત્રતાથી ચાલતી આવતી આ ચૂંટણી પ્રથામાં હવે આમૂલ પરિવર્તન લાવવાની જરૂર જણાય છે. તેનાથી ચૂંટણી પંચ પણ ઉત્કૃષ્ટ રીતે ચૂંટણી યોજી શકશે અને નાગરિકો માટે મત આપવાની પ્રક્રિયા અનુકૂળ બની જશે. વળી, પાંચ વર્ષે એક જ વખત મત આપવા જવાનું હોવાથી નાગરિકો વધુ ઉત્સાહ અને જવાબદારીથી ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લેતા થશે.

નવી ચૂંટણી વ્યવસ્થાને કેવી રીતે અમલી બનાવી શકાય?

આ માટે કમિટીએ ભારતીય બંધારણની કલમ 82એ અને 324એમાં સુધારા કરવાનું સૂચન કર્યું છે. કમિટીએ વન નેશન, વન ઈલેક્શનની પરિકલ્પનાને બે તબક્કામાં અમલી બનાવવાનું સૂચન કર્યું છે. પહેલા તબક્કામાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણી એક સાથે યોજવી અને બીજા તબક્કામાં 100 દિવસના ગાળામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી, લોકસભા અને વિધાનસભાની ચૂંટણીનું આયોજન કરવું.





વન નેશન, વન ઈલેક્શનના પ્રદેશ સંયોજક ડૉ. અનિલભાઈ પટેલ તથા એડવોકેટ વિજય શર્માએ લોકસભાના સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરની મુલાકાત લીધી હતી અને તેમને મેમેન્ટો આપીને સન્માન કર્યું હતું.



વન નેશન વન ઈલેક્શનથી દેશની તિજોરી પરનું ભારણ ઘટશે

એક રાષ્ટ્ર એક ચૂંટણી પાછળનો એક મુખ્ય આશય ચૂંટણી ખર્ચમાં ઘટાડો કરવાનો છે. વર્ષ 2024માં લોકસભા ચૂંટણી યોજવા પાછળ રૂ. 1.35 લાખ કરોડનો ખર્ચ થયો હતો. 2019ની લોકસભા ચૂંટણી યોજવામાં દેશની તિજોરીમાંથી રૂ. 55,000થી રૂ. 60,000 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો. ચૂંટણી પંચે 2023માં આપેલા અહેવાલ મુજબ પાંચ રાજ્યોમાં રૂ. 1760 કરોડની જમી કરવામાં આવી હતી. વન નેશન વન ઈલેક્શન (ONOE)ને કારણે ચૂંટણી ખર્ચમાં રૂ. 12,000 કરોડ જેટલો ઘટાડો થવાનો અંદાજ છે. તેનાથી ચૂંટણી પંચ કાળા નાણા પર અંકુશ મેળવી શકશે અને ચૂંટણીનો વધુ સચોટ હિસાબ રાખી શકશે. આમ વન નેશન, વન ઈલેક્શનને કારણે દેશમાં ભ્રષ્ટાચાર અને કાળા નાણાંમાં પણ ઘટાડો થશે.

રાજકીય પક્ષોનો પ્રતિસાદ

નવી વ્યવસ્થા માટે કમિટીને 47 જેટલા રાજકીય પક્ષોના પ્રતિસાદ સાંપડ્યા હતા. તેમાંથી 32 પક્ષોએ નવી વ્યવસ્થાની તરફેણમાં મત આપ્યો છે. તેમનું માનવું છે કે તેનાથી સંશાધનોનો ઉત્તમ ઉપયોગ થઈ શકશે અને સામાજિક સંવાદિતા જળવાઈ રહેશે. 15 જેટલી પાર્ટીઓએ કહ્યું કે તેનાથી લોકશાહીને અસર પડશે અને સ્થાનિક પાર્ટીઓ હાંસિયામાં ધકેલાઈ જશે.

કાયદાના નિષ્ણાંતોનો પ્રતિસાદ

કમિટીએ દેશના પૂર્વ ચીફ જસ્ટિસ, પૂર્વ ચૂંટણી કમિશનરો અને કાયદાકીય જાણકારોના મત પણ લીધા હતા. તેમાંથી મોટા ભાગના એક રાષ્ટ્ર, એક ચૂંટણીની તરફેણમાં છે. તેમનું માનવું છે કે એક સાથે ચૂંટણી યોજવાથી સંશાધનો અને રૂપિયાનો બગાડ અટકાવી શકાશે અને દેશમાં શાંતિનો માહોલ જાળવી શકાશે.

ઉદ્યોગોનું પ્રતિનિધિત્વ કરનારી સંસ્થાઓનો પ્રતિસાદ

કમિટીએ CII, FICCI, ASSOCHAM જેવી વેપાર-ઉદ્યોગનું પ્રતિનિધિત્વ કરનારી સંસ્થાઓના અભિપ્રાય માંગ્યા હતા. તે સર્વેનું માનવું છે કે દેશમાં નવી ચૂંટણી વ્યવસ્થાથી રાજકીય અને પોલિસી સ્તરે સ્થિરતા આવશે જેનાથી વેપાર-ઉદ્યોગોનું હિત થશે.

અમેરિકામાં પણ ONOE પ્રણાલી ચાલે છે

વિશ્વના અગ્રણી લોકશાહી દેશો જેવા કે યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા (USA), બ્રાઝિલ, સ્વીડન, બેલ્જિયમ, દક્ષિણ આફ્રિકા, જર્મની, જાપાન, ઈન્ડોનેશિયા અને ફિલિપાઈન્સ જેવા દેશોમાં પહેલેથી જ એક રાષ્ટ્ર, એક ચૂંટણીની પ્રણાલી સફળતાથી ચાલતી આવી છે. આપણા દેશમાં પણ આ વ્યવસ્થા લાગુ પાડવામાં આવે તો દેશમાં સ્થિર શાસન આવશે, સામાજિક સંવાદિતતામાં વધારો થશે અને ચૂંટણી ખર્ચની બચત થશે.

ONOEના ફાયદા



1. ચૂંટણી પંચની જવાબદારી, ખર્ચ અને અવ્યવસ્થા ઘટશે

દેશમાં યોજાતી દરેક ચૂંટણીની જવાબદારી ચૂંટણી પંચના ખભે હોય છે. ચૂંટણી પંચને પહાડી કે દુર્ગમ વિસ્તારમાં એક મતદાતા પણ હોય તો તેમના માટે અલગથી મતદાન કેન્દ્રની સ્થાપના કરવી પડે છે. ત્યાં ઈવીએમ મશીન અને સિક્યોરિટીની વ્યવસ્થા કરવી પડે છે. મતદાન કેન્દ્ર પર ઈવીએમ મશીન સાથે છેડખાની ન થાય, ધમાલ કે અરાજકતા ન ફેલાય તે માટે ચૂંટણી પંચે જવાનો અને પોલીસ તૈનાત કરવી પડે છે. આ દરેક પાછળ ખૂબ મોટો ખર્ચ થાય છે. જો એક જ ચૂંટણીમાં લોકસભા, વિધાનસભા અને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે મતદાન થી જાય તો ચૂંટણી પંચની જવાબદારી અને ચૂંટણી પાછળ થતા ખર્ચમાં ધરખમ ઘટાડો થશે અને ચૂંટણી સુઆયોજિત રીતે યોજી શકાશે.

2. રાજકીય સ્થિરતા વધશે

કેન્દ્રમાં બહુમતિથી ચૂંટાયેલી સરકાર કોઈ રાજ્યની ચૂંટણીમાં ઓછી બેઠક મેળવે તો પણ દેશમાં રાજકીય અસ્થિરતા સર્જાવા માંડે છે. વળી, રાજકીય પક્ષોમાં સતત અનિશ્ચિતતાનો માહોલ રહે છે. અવારનવાર યોજાતી ચૂંટણીને કારણે રાજકીય પક્ષો દૃઢપણે નિર્ણય લઈ શકતા નથી. એક રાષ્ટ્ર, એક ચૂંટણીથી પાંચ વર્ષે એક જ વખત ચૂંટણી યોજાતી હોવાથી ચૂંટાયેલ પક્ષ આવનારા પાંચ વર્ષ સુધી આત્મવિશ્વાસ અને સુદૃઢતાથી શાસન કરી શકશે.

3. આર્થિક વિકાસને વેગ મળશે

હાલમાં છાશવારે યોજાતી ચૂંટણીને કારણે વેપાર-ઉદ્યોગો પોલિસીમાં બદલાવ આવવાના ભયથી મહત્વપૂર્ણ નિર્ણય લઈ શકતા નથી. એક રાષ્ટ્ર, એક ચૂંટણીને કારણે દેશમાં આવેલી રાજકીય સ્થિરતાથી વેપાર-ઉદ્યોગોનો સરકારના નિર્ણયો અને નીતિઓ પર વિશ્વાસ વધશે. તેઓ પોલિસીમાં રાતોરાત પરિવર્તન આવવાના ભયમાંથી મુક્ત થઈને લાંબાગાળાનું આયોજન કરી શકશે. તેને કારણે દેશના આર્થિક વિકાસને વેગ મળશે.

4. મતદાતાઓની અનુકૂળતા વધશે

દેશમાં કરોડો મતદાતા એવા છે જે ભણતર માટે, નોકરી-ધંધા માટે કે અન્ય કારણોસર પોતાના જન્મ સ્થળથી દૂર રહે છે. આવા લોકોએ જવાબદાર નાગરિક તરીકેની ફરજ બજાવવા માટે ચૂંટણી વખતે વતન પરત ફરવું પડે છે. છાશવારે યોજાતી ચૂંટણીને કારણે તેમના ટ્રાન્સપોર્ટેશન ખર્ચમાં વધારો થાય છે. ઘણા તો ખર્ચ બચાવવા માટે વોટ આપવાનું પણ ટાળે છે. વળી, ચૂંટણી સમયે બહારગામથી આવનારા કર્મચારીઓ રજા પર ઉતરી જતા કંપનીઓને પણ પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. વન નેશન, વન ઈલેક્શનથી આ પરિસ્થિતિનું નિર્માણ પાંચ વર્ષે ફક્ત એક જ વાર થશે.

5. સરકાર મહત્વના નિર્ણયો લઈ શકશે

ચૂંટણી પહેલા દેશ કે રાજ્યમાં આચાર સંહિતા લાગુ પડતી હોવાથી સરકાર તે ગાળામાં મહત્વની જાહેરાતો કે નિર્ણયો કરી શકતી નથી. ચૂંટણી પહેલા ઘણા દિવસો સુધી સરકાર કોઈ મહત્વના પગલા ભરી શકતી નથી. તેને કારણે નાગરિકો અને દેશનું જ અહિત થાય છે. વન નેશન, વન ઈલેક્શનને કારણે આચાર સંહિતા પણ પાંચ વર્ષે એક જ વખત લાગુ પાડશે. બાકીના સમયમાં સરકાર નાગરિકોના હિત માટે સતત કામ કરી શકશે.

6. સામાજિક વિખવાદો અને કોર્ટ કેસોમાં ઘટાડો થશે

ચૂંટણી સમયે મતદાતાઓનું દિલ જીતવા માટે રાજકીય પક્ષો સામ,દામ,દંડ, ભેદ એ તમામ નીતિઓ અજમાવે છે. કેટલાંક પક્ષો સામાજિક વિખવાદો ઊભા કરીને મતદાતાઓનું ધ્યાન ખેંચવાનો પ્રયત્ન કરે છે. ચૂંટણી સમયે ઉમેદવારોના બેજવાબદારીભર્યા નિવેદનો સામે પણ વિરોધ અને કોર્ટ કેસો થાય છે. એક રાષ્ટ્ર, એક ચૂંટણીથી આ તમામમાં ઘટાડો થશે અને દેશમાં એકતા અને શાંતિનો માહોલ બની રહેશે. સાથે સાથે રાજકીય પક્ષો કે ઉમેદવારો સામે થતા કોર્ટ કેસોમાં ઘટાડો થતા દેશની અદાલતો પર કેસનું ભારણ ઘટશે.

7. મતદાતાઓને અન્યાય નહિ થાય

હાલમાં સ્થાનિક ચૂંટણી પંચોની ક્ષમતાને અભાવે ઘણા મતદાતાઓના નામ મતદાર યાદીમાં રહી જાય છે. વન નેશન, વન ઈલેક્શનમાં ત્રણે ચૂંટણીઓ માટે એક જ મતદાર યાદી તૈયાર કરવાનું સૂચન કરવામાં આવ્યું છે. તેનાથી યાદીમાં ભૂલ જવાની શક્યતા ઘટી જશે અને દરેક મતદાતાના હકનું રક્ષણ થશે.

ખેતી બેન્કની વડી કચેરી ખાતે વન નેશન, વન ઈલેક્શન અંગે સંવાદ યોજાયો









જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, જુનાગઢ મહાનગર પાલિકાના નવનિયુક્ત મેયર ધર્મેશભાઈ પોશીયા, જુનાગઢના ભાજપ પ્રમુખ ગૌરવ રૂપારેલિયા, ડેપ્યુટી મેયર આકાશભાઈ કટારા, જુનાગઢ કોર્પોરેશન સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પલ્લવીબેન ઠાકોર, શાસક પક્ષના નેતા મનનભાઈ અભાણી, દંડક કલ્પેશભાઈ અજવાણી અને કમિટીના સભ્યોએ ખેતી બેન્કના ચેરમેન ડોલરભાઈ કોટેચાની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ પ્રસંગે વન નેશન, વન ઈલેક્શનના પ્રદેશ સંયોજક ડો. અનિલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. બેન્કના ચેરમેન ડોલરભાઈ કોટેચાએ ઉપસ્થિત સર્વે મહાનુભાવોનું શાલ, બુકે અને મોમેન્ટોથી સન્માન કર્યું હતું. ત્યારબાદ ડો. અનિલભાઈ પટેલે 'વન નેશન, વન ઈલેક્શન' વિષે ઉપસ્થિત મહાનુભાવોને વિસ્તૃત માહિતી આપી હતી.



ખેતી બેન્કના ચેરમેન ડોલરભાઈ કોટેચાએ અમિતભાઈ શાહની શુભેચ્છા મુલાકાત લીધી







દેશના ખેડૂતોના હિતની સદાય ચિંતા કરનાર અને અભૂતપૂર્વ દૂરંદેશી ધરાવતા દેશના ગૃહ અને પ્રથમ સહકાર મંત્રી અમિતભાઈ શાહે તાજેતરમાં સૌરાષ્ટ્ર પ્રદેશની મુલાકાત લીધી હતી. આ પ્રવાસમાં તેમણે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિરમાં પૂજા-અર્ચના કરીને આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. તેમની સોમનાથ મુલાકાત સમયે ખેતી બેન્કના ચેરમેન ડોલરભાઈ કોટેચા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે શ્રી અમિતભાઈ શાહ સાહેબની શુભેચ્છા મુલાકાત લઈને તેમને ખેતી બેન્કની ઉત્તરોત્તર પ્રગતિ અંગે જાણકારી આપી હતી. અમિતભાઈ શાહ સાહેબે દેશના સહકારિતા મંત્રી બન્યા બાદ સહકાર ક્ષેત્રના ઉત્થાન માટે અસંખ્ય પહેલ હાથ ધરી છે. તેમાં પેક્સનું કોમ્પ્યુટરાઈઝેશન, સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર, અન્ન ભંડારણ, ડ્રોન દીદી સહિતની અનેક નવીન યોજનાઓનો સમાવેશ થાય છે. ખેતી બેન્કના ચેરમેન ડોલરભાઈ કોટેચાએ શુભેચ્છા મુલાકાત દરમિયાન ખેતી બેન્કે ખેડૂતોના હિત માટે કરેલા કાર્યો તથા હાથ ધરેલી પહેલો અંગે જાણકારી આપી હતી. દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તથા કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત ભાઈ શાહ સાહેબની 'સહકારથી સમૃદ્ધિ'ની પરિકલ્પનાને સાકાર કરવા માટે ખેતી બેન્કનું મેનેજમેન્ટ અને તેના કર્મચારીઓ કટિબદ્ધ છે. આ માટે નવીન શાખાઓ શરૂ કરવા ઉપરાંત ખેડૂતો સુધી સરકારની મહત્વની યોજનાઓ પહોંચાડવા માટે ખેતી બેન્ક સતત પ્રયત્નશીલ છે.



અન્નદાતા હવે બનશે ઉર્જાદાતા

ગુજરાતમાં કોડિનાર, તલાળા અને વલસાડની સુગર મિલો ઘણા વર્ષો પછી ધમધમતી થશે

ગુજરાતમાં શુગર મિલો ફરી ધમધમતી કરવા માટે દીનુભાઈ સોલંકી અને ભગવાનભાઈ બારડે કરેલી રજૂઆત સફળ થઈ.

ગુજરાતના ગિરસોમનાથ જિલ્લાના કોડિનારમાં આવેલી સુગર મિલને ફરી ધમધમતી કરવાનું આયોજન થઈ રહ્યું છે. માર્ચ મહિનાની વીસમીએ કેન્દ્રના ગૃહ અને સહકારિતા મંત્રીએ કોડિનારની મુલાકાત લઈને તેની શિલાન્યાસની વિધિ કરી હતી. કોડિનાર સુગર મિલનું આધુનિકીકરણ કરવાનો પણ આ સાથે જ નિર્ણય લેવામાં આવ્યો છે. કોડિનાર ઉપરાંત વલસાડ અને તલાળાની સુગર મિલને પણ રિવાઈવ કરવામાં આવશે. કોડિનાર અને તલાળાની સુગર મિલોને ફરી ધમધમતી કરવામાં માજી સાંસદ દિનુભાઈ સોલંકી અને તલાળા વિધાનસભાના ધારાસભ્ય ભગવાનભાઈ બારડનો સિંહફાળો છે. સુગર



દિનુભાઈ સોલંકી, માજી સાંસદ







મિલોને ફરી ચાલુ કરવા માટે તેમણે કેન્દ્ર સરકાર સમક્ષ મજબૂત રજૂઆત કરી હતી જેને ધ્યાનમાં લઈને સુગર મિલોમાં ફરી પ્રાણ ફૂંકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સાથે જ ગુજરાતના સુગર મિલોના ઉદ્યોગમાં નવું જોમ પૂરાયું છે. સુગર મિલોના ફરીથી ધમધમતી કરવાના પ્રોજેક્ટને ઈન્ડિયન પોટાશ લિમિટેડે આગળ ધપાવવાનો નિર્ણય કર્યો છે. પરિણામે ગુજરાતની સુગર મિલોનું ભાવિ ઉજ્જ્વળ જણાઈ રહ્યું છે. સુગર મિલો વધારાની શેરડીમાંથી સીધું ઈથેનોલ બનાવવાનો વિકલ્પ મળી ગયો હોવાથી તેમની આવકમાં વધારો થવાની સંભાવના પણ વધી ગઈ છે.

આ સુગર મિલોને રિવાઈવ કરવાને પરિણામે આ વિસ્તારના અંદાજે 10,000 ખેડૂતોને સીધો મોટો ફાયદો થવાનો અંદાજ મૂકવામાં આવી રહ્યો છે. આ મિલો ઈથેનોલના ઉત્પાદન પર જ ફોકસ કરશે. ઈન્ડિયન પોટાશ લિમિટેડની આ પહેલને પરિણામે ગુજરાતના કૃષિ ઉત્પાદનમાં વધારો પણ થશે. તેમ જ ક્રુડ ઓઈલની આયાત કરવામાં પણ ઘટાડો આવશે. ભારત સરકાર ઈથેનોલને બાયોફ્યુઅલ તરીકે પ્રમોટ કરવા સક્રિય બની છે. અમિત શાહે આ નિર્ણયના અનુસંધાનમાં બોલતા જણાવ્યું હતું કે પ્રસ્તુત નિર્ણયને પરિણામે અત્યાર સુધી અન્નદાતા તરીકે ઓળખાતો ખેડૂત આગામી વરસોમાં ઉર્જાદાતા તરીકે પણ ઓળખાશે. તેમના થકી વિશ્વસ્તરે બાયોફ્યુઅલના ઉત્પાદનમાં વધારો થશે. આ નિર્ણયના અમલીકરણમાં ગુજરાત સરકાર, ગુજરાત સ્ટેટ કોઓપરેટીવ બેન્ક, કેન્દ્ર સરકાર અને ઈન્ડિયન પોટાશ લિમિટેડ એકમેકના સહયોગમાં કામ કરશે. ત્રણેય સુગર મિલ દસ મહિનામાં એટલે કે પહેલી નવેમ્બર 2025 સુધીમાં ચાલુ થશે.

સુગર મિલોને રિવાઈવ કરવાને પરિણામે આ વિસ્તારના અંદાજે 10,000 ખેડૂતોને સીધો ફાયદો થવાનો અંદાજ

ઈન્ડિયન પોટાશ લિમિટેડ આમ તો રાસાયણિક ખાતરના વિતરણના ક્ષેત્રની વિશ્વસનીય અને અગ્રણી કંપની તરીકે જાણીતી છે. ઈન્ડિયન પોટાશ લિમિટેડની સ્થાપના 1955માં કરવામાં આવી હતી. કંપનીની સ્થાપના કરવામાં આવી ત્યારે તે પોટાશની સપ્લાય એજન્સી તરીકે સક્રિય થઈ હતી. સમય જતાં માર્કેટમાં એક પ્રભાવ પાડનારી કંપની તરીકેની નામ ઈન્ડિયન પોટાશ લિમિટેડે એકે કરી લીધું હતું. આ તબક્કે કંપની આયાત પર નિર્ભર હતી. આયાત કર્યા પછી સમગ્ર દેશમાં તેના વિતરણની કામગીરી પણ કંપની કરતી હતી. કંપની પ્રોડક્ટ્સ પ્રમોશનનુ કામ પણ કરતી હતી.

ઈન્ડિયન પોટાશ લિમિટેડ અત્યારે પરવિન્દર સિંહ ગેહલોતના નેતૃત્વ હેઠળ ખાસ્સું કામ કરી રહી છે. કંપની અસ્તિત્વમાં આવી ત્યારથી વિકાસની નિસરણી પર ઉપર ને ઉપર ચઢી રહી હોવાનું જોવા મળી રહ્યું છે. તેથી જ કંપનીઓ રાષ્ટ્રીયસ્તરે મહત્વના ગણાતા ઘણાં પ્રોજેક્ટ્સ પોતાના હાથમાં લઈ લીધા છે. ઈન્ડિયન પોટાશ લિમિટેડ-આઈપીએલનું હેડક્વાર્ટર ચેન્નઈમાં આવેલું છે. આઈપીએલ પાસે દેશમાં છ લાખથી વધુ ગામને આવરી લેતા વિતરકોનું મજબૂત નેટવર્ક છે. આમ વિશાળ નેટવર્કને કારણે



ભગવાનભાઈ બારડ, ધારાસભ્ય, વિધાનસભા

કંપનીની પહોંચ ઘણી જ સારી છે. કંપની સમયસર રાસાયણિક ખાતર પહોંચાડવાને સમર્થ છે. દેશભરના ખેડૂતોને સમયસર ખાતરનો પુરવઠો પહોંચાડવા સમર્થ છે. કંપની પાસેના પોટાશના પ્રોડક્ટ્સની રેન્જમાં મ્યુરેટ ઓફ પોટાશસ, ડાઈ એમોનિયમ સલ્ફેટ, યુરિયા, સલ્ફેટ ઓપ પોટાશ, મોનો એમોનિયમ ફોસ્ફેટનો પણ સમાવેશ થાય છે. આ જ રીતે કંપની ટ્રીપલ સુપર ફોસ્ફેટનો જથ્થો પણ ધરાવે છે.

પોટાશ સિવાયના ક્ષેત્રની વાત કરવામાં આવે તો કંપની ગુજરાતની ત્રણ સુગર મિલને ઈથેનોલનું ઉત્પાદન કરતી મિલોમાં રૂપાંતરિત કરવાનું ધ્યેય ધરાવે છે. ગ્રીન એનર્જીના ઉત્પાદન પર ફોકસ કરવાના કેન્દ્ર સરકારના ધ્યાને પરિપૂર્ણ કરવા માટે કંપની તેની તમામ ક્ષમતાને એકમેકના મેળમાં કામ કરતી કરી દે તેવો આત્મ વિશ્વાસ પણ કંપની ધરાવે છે. આઈપીએલ તેની આ ક્ષમતાનો મહત્તમ લાભ લઈને બાયોફ્યુઅલ બનાવવા પર ફોકસ કરી રહી છે. ગુજરાત સરકારની બાયોફ્યુઅલ માટેની નીતિને સુસંગત રહીને જ આ કંપની કાર્ય કરશે. આ પોલીસીને આધીન રહીને જ કંપની બાયોફ્યુઅલના ઉત્પાદનની કામગીરી ચાલુ કરશે. તેને માટે માત્ર સુગર કેનનું પ્રોસેસ કરતી ગુજરાતની ત્રણેત્રણ કંપનીના નવસંસ્કરણ-ઈનોવેશનની પણ જરૂરિયાત છે. આ આયોજનનો અમલ કરીને આઈપીએલનું મેનેજમેન્ટ ઉર્જાના ક્ષેત્રમાં આત્મનિર્ભર બનવાના અને કૃષિ ક્ષેત્રને વધુ ટકાઉ બનાવવાના ભારત સરકારના વ્યાપક ધ્યેયને સિદ્ધ કરવામાં મદદરૂપ બનશે. આ સાથે જ કૃષિ ક્ષેત્રની એક અગ્રણી કંપની તરીકે આઈપીએલ પ્રસ્થાપિત થશે.

બીજીતરફ ભારત સરકારના ફૂડ ડિપાર્ટમેન્ટે ગત આઠમી માર્ચ 2024ના દેશની સહકારી સુગર મિલોને મદદરૂપ થવા માટે અને તેમની આર્થિક સ્થિતિને વધુ સંગીન બનાવવાના ઈરાદાથી સુગર મિલના પ્લાન્ટ્સમાં શેરડી ઉપરાંત અન્ય ખેતઉપજોનો ઉપયોગ કરીને ઈથેનોલ કે બાયોફ્યુઅલ બનાવવાના પ્લાન્ટમાં રૂપાંતરિત કરવા માટેની યોજનાની જાહેરાત પણ કરેલી છે. આ યોજનાને કારણે જે સુગર મિલો વર્ષના પાંચથી છ માસ જ ચાલે છે તે સુગર મિલો આખું વર્ષ ચાલશે. બાયોફ્યુઅલ બનાવવા માટે સુગર મિલો મકાઈ તથા માનવ આહારને પાત્ર ન રહેલી ખેતઉપજોનો ઉપયોગ બાયોફ્યુઅલ બનાવવા માટે કરશે. કેન્દ્ર સરકારની આ યોજના હેઠળ સુગરમિલને મલ્ટીપલ પ્રોડક્ટ્સનો ઉપયોગ કરીને બાયોફ્યુઅલ બનાવવાના એકમમાં રૂપાંતરિત કરવા માટે કરવા પડનારા ખર્ચ માટે લીધેલી લોન પર ચૂકવવાના થતાં વ્યાજમાં પણ 50 ટકાની માફી આપશે. ઉદાહરણ આપીને વાત કરવામાં આવે તો લોનની રકમ પર 10 ટકા વ્યાજ ચૂકવવું પડતુ હોય તો તેને બદલે માત્ર 5 ટકા વ્યાજ જ ચૂકવવું પડે તેવી જોગવાઈ કરવામાં આવી છે. હા, મહત્તમ વ્યાજ માફી છ ટકાની છે. કોઈપણ રીતે ચૂકવવામાં આવતા વ્યાજમાંથી જે ઓછું વ્યાજ ચૂકવવાનું થતું હશે તેના 50 ટકા વ્યાજ માફી આપશે.

પેટ્રોલમાં ઈથેનોલ ભેળવવાનો આરંભ 2013માં

ખાંડ મિલોને ધમધમતી કરવાનું બીડું ઝડપનાર ઈન્ડિયન પોટાશ લિમિટેડ કેન્દ્ર સરકારના ગ્રીન એનર્જીના ઉત્પાદન કરવાના ધ્યેયને પૂરું કરવા પોતાની પૂરેપૂરી ક્ષમતાનો ઉપયોગ કરવાનો આત્મવિશ્વાસ ધરાવે છે.

અત્યાર સુધી અન્નદાતા તરીકે ઓળખાતો ખેડૂત બાયોફ્યુઅલનું ઉત્પાદન કરવા માંડતા ભવિષ્યમાં ઉર્જાદાતા તરીકે પણ ઓળખાશે.



1.5ટકાથી કરવામાં આવ્યો હતો. 2023-24 સુધીમાં પેટ્રોલમાં 13 ટકા જેટલું ઈથેનોલ ભેળવવાની છૂટ આપવામાં આવી છે. તેથી જ દેશમાં ઈથેનોલનું ઉત્પાદન વધે તેવું સરકાર ઈચ્છી રહી છે. હવે 2025થી પેટ્રોલમાં 20 ટકા ઈથેનોલ ભેળવવાનું સરકાર આયોજન કરી ચૂકી છે. પેટ્રોલમાં 20 ટકા ઈથેનોલ ભેળવવા માટે ભારત સરકારને 1000 કરોડ લિટર ઈથેનોલની જરૂર પડે તેમ છે. તેની સામે અત્યારે ભારતમાં ઈથેનોલનું ઉત્પાદન 875 કરોડ લિટર છે. 2013માં ઈથેનોલનું ઉત્પાદન માત્ર 38 કરોડ લિટર જ હતું. અત્યારે ભારતમાં 125 કરોડ લિટર ઈથનોલની અછત છે. વલસાડ, કોડિનાર અને તલાળાની સુગર મિલ આ અછતમાં ઘટાડો કરશે. બીજું આગામી વરસોમાં ઈથેનોલની વધનારી જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ઈથેનોલનું ઉત્પાદ 2030 સુધીમાં 1350 કરોડ લિટરની સપાટીએ લઈ જવા માગે છે.

આ સંજોગોમાં શેરડી ન મળતી હોય તે સીઝનમાં સુગર મિલના સંચાલકો અન્ય ખેત ઉપજમાંથી બાયોફ્યુઅલ બનાવે તેવી સરકારની ઈચ્છા છે. ભારતમાં ખાંડનો વપરાશ દુનિયાના અન્ય દેશો કરતાં વધારે છે. તેથી દેશની જરૂરિયાત પ્રમાણેની ખાંડ બની ગયા પછીની શેરડીમાંથી ઈથેનોલ બનાવવામાં આવી રહ્યો છે. ભારતમાં વરસે 2.90 કરોડ ટન સુગરનું ઉત્પાદન થાય છે. નાણાંકીય મૂલ્યમાં વરસે દહાડે સુગરનું ટર્નઓવર રૂ. 2 લાખ કરોડનું છે. સુગરમિલોને પણ સરકારના નવા આયોજનને પરિણઆમે ફાયદો થશે.

સુગર મિલોની ખાંડ સિવાયના પ્રોડક્ટ્સ થકી થનારી આવકમાં વધારો થશે. અત્યારે બજારમાં ખાંડના ભાવ ગગડી જાય તો સુગર મિલોને ખોટના ખાડામાં ઉતરી જવાની નોબત આવે છે. સરકારનું માનવું છે કે ઈથેનોલના ઉત્પાદન તરફ વળી જતાં નુકસાન થવાની સમસ્યા ઓછી થશે. ખેડૂતોને તેમની ઉપજ શેરડી વેચવાનો એક નવો વિકલ્પ મળી રહેશે. તેથી ખેડૂતોની આવક વધવાનો એક નવો વિકલ્પ ખૂલશે. ખેડૂતોની આવક સ્થિર થશે અને સમયસર પેમેન્ટ પણ મળતું થઈ જશે.

શેરડીના રસમાંથી સીધું ઈથેનોલ બનાવી શકાય છે. તેને માટે માત્ર આથો લાવવાની પ્રક્રિયામાં વધારો કરવો પડે છે. ખાંડને બદલે ઈથેનોલ બનાવવાને કારણે સુગર મિલની આવક વધી શકે છે. પરંતુ ખાંડની પણ એટલી જ જરૂર હોવાથી ખાંડ બન્યા પછી વધારાની શેરડીનો ઉપયોગ ઈથેનોલ બનાવવા માટે કરવાનું આયોજન થઈ રહ્યું છે. દુનિયાની અને ભારતની ખાંડની ઉપજ દેશની જરૂરિયાત કરતાં વધારે હોવાને પરિણામે શેરડીનો ઉપયોગ સીધો ઈથેનોલ બનાવવા માટે પણ કરવો શક્ય છે. તેનાથી પહેલો લાભ એ થશે કે ફોસિલ ફ્યુઅલ એટલે કે પૃથ્વીને પેટાળમાં કુદરતી પ્રક્રિયાને કારણે બનતા કૂડ ઓઈલ પરનો મદાર ઘટાડી શકાશે. કૂડ ઓઈલમાંથી બનતા ઈંધણને પરિણામે દુનિયામાં પ્રદૂષણ વધુ થઈ રહ્યું છે. વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડ વધી રહ્યો છે. પરિણામે ક્લાઈમેટ ચેન્જ આવી રહ્યો છે. ક્લાઈમેટ ચેન્જની વધતી અસરને કારણે ચોમાસામાં કે મોસમ વિના જ એકાએક ભારે વરસાદ તૂટી પડવાની ઘટના બને છે. અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિની સમસ્યા ઊભી થાય છે. શિયાળામાં ઠંડક અતિ કાતિલ બની શકે છે કે પછી શિયાળો જ ન લાગે તેવી ઠંડક પડે છે. તેમ જ ગરમી અતિશય વધી કે ઘટી જવાની શક્યતા રહેલી છે. આ તમામની ખેતી પર અને ખેતઉપજ પર અલગ અલગ અસર જોવા મળી રહી છે. તેથી ફોસિલ ફ્યુઅલ્સને સ્થાને કુદરતી તત્વોમાંથી બનતા બાયોફ્યુઅલ્સ તરફ વધુ જવાનું વિશ્વભરના લોકો પસંદ કરતાં થયા છે. તેથી જ ગુજરાતની ત્રણ સુગર મિલ કોડિનાર, તલાળા અને વલસાડ સુગર મિલમાં ઈથેનોલના ઉત્પાદનનું આયોજન કરવામાં આવ્યું છે. તેના વપરાશથી વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડ ઓછો ભળશે અને હવાની ગુણવત્તામાં સુધારો થશે. ક્લાઈમેટ ચેન્જની પ્રક્રિયા મંદ પડીને વરસો કે દાયકાઓ બાદ બંધ પડશે.

શેરડીના રસમાંના ખાંડ-સુક્રોઝના ઘટકોને આથો લાવવાની પ્રક્રિયા કરીને તેમાંથી ઈથેનોલ બનાવવામાં આવે છે. આ પ્રક્રિયાને અંતે આડપેદાશ તરીકે કાર્બન ડાયોક્સાઈડ બને છે. ઈથેનોલ બનાવવા માટે કાચા માલ તરીકે શેરડીના રસ અને મોલાસિસનો ઉપયોગ કરવામાં આવે છે. ફોસિલ્સ ફ્યુઅલ ખતમ થઈ શકે છે. શેરડીનો પાક દર વરસે લેતા રહીને તેમાંથી ઈથેનોલ બનાવવાની પ્રક્રિયા ચાલુ રાખી શકાય છે.

ઈથેનોલ બનાવવાની કામગીરી કૃષિ ક્ષેત્રમાં નવી રોજગારી નિર્માણ કરી શકે છે. ઈથેનોલ બનાવવાની પ્રક્રિયા, વિતરણની કામગીરીને કારણે જે તે વિસ્તારના અર્થતંત્રને નવો વેગ મળી શકે છે. કોડિનાર, વલસાડ અને તલાળાની જનતાને સીધો કે આડકતરો તેનો લાભ મળશે.

ઈથેનોલનો વપરાશ વાહનમાં કરવાને પરિણામે વાહનના એન્જિનના પરફોર્મન્સમાં સુધારો થાય છે. ઈથેનોલમાં ઓક્સિજનનું પ્રમાણ વધુ હોવાથી એન્જિનના પરફોર્મન્સમાં સુધારો થાય છે. ઈથેનોલ વધુ ઉર્જાવાન ગણાય છે. ઈથેનોલ બનાવવા માટે ઓછી ઉર્જા વપરાય છે તે તેનો વધારાનો એડવાન્ટેજ છે. ઈથેનોલનો ટ્રાન્સપોર્ટ માટેના વાહનોમાં કરવામાં આવે તો તેને પરિણામે વાતાવરણમાં કાર્બન વધતો ઓછો થઈ જશે. ઈથેનોલનું ઉત્પાદન વધારીને અમેરિકાની સરકારે 2024ના વર્ષમાં કૂડીની આયાતમાં 63 કરોડ બેરલનો ઘટાડો કરવામાં સફળતા મેળવી હતી.

સહકાર ક્ષેત્રને વેગ આપવા માટે ગુજરાતમાં સ્થપારો ત્રિભુવન સહકારી યુનિવર્સિટી

ભારતના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને સર્વપ્રથમ સહકારિતા મંત્રી અમિતભાઈ શાહે 'સહકારથી સમૃદ્ધિ'નું સ્વપ્ન સેવ્યું છે. તેમનું દૃઢપણે માનવું છે કે ગામડાઓથી બનેલા કૃષિ પ્રધાન ભારત દેશને આર્થિક રીતે મજબૂત બનાવવો હશે તો દેશના સહકારી માળખાને મજબૂત કરવું જ પડશે. સહકાર ક્ષેત્રે મંડળીના સ્તરેથી ઉપર સુધી કાર્યક્ષમ કર્મચારીઓ મળી રહે તે માટે દેશના સહકારિતા મંત્રી અમિતભાઈ શાહે ગુજરાતના આણંદમાં 'ત્રિભુવન સહકારી યુનિવર્સિટી'ની સ્થાપના કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. માર્ચ મહિનામાં લોકસભામાં ગુજરાતના આણંદમાં 'ત્રિભુવન સહકારી યુનિવર્સિટી' સ્થાપવા માટે બિલ પસાર કરી દેવાયું હતું.

ત્રિભુવન સહકારી યુનિવર્સિટીથી આખા દેશમાં સહકારી શિક્ષણનું એક માળખું ઊભું થશે. સહકારથી સમૃદ્ધિના વિઝનને હકીકતમાં બદલવા માટે સહકાર ક્ષેત્રે મંડળીઓથી માંડીને બેન્કો સુધી તાલીમબદ્ધ યુવાનોની તાતી જરૂર છે. તાલીમબદ્ધ યુવાનોથી સહકાર ક્ષેત્રનો સર્વાંગી વિકાસ થશે. સહકાર ક્ષેત્રના અનેક પાસાઓ અંગે યુવાનોને તાલીમ મળી રહે તે માટે ત્રિભુવન સહકારી યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે.



આ યુનિવર્સિટીનું નામ દેશમાં સહકારિતા ચળવળના પ્રણેતા ત્રિભુવનદાસ કિશિભાઈ પટેલના નામ પરથી પાડવામાં આવ્યું છે. તેમણે અમૂલ જેવી સંસ્થાનો પાયો નાંખીને દેશને જ નહિ, સમગ્ર વિશ્વને સહકાર ક્ષેત્રની તાકાતનો પરચો આપ્યો હતો. ત્રિભુવનદાસ પટેલે 1946માં અમૂલની સ્થાપના કરી હતી. આજે અમૂલ વિશ્વની સૌથી મોટી ડેરી બ્રાન્ડમાંથી એક છે. પશુપાલકોની આ સહકારી મંડળીનું વાર્ષિક ટર્નઓવર રૂ. 60,000 કરોડથી વધારે છે. સહકાર ક્ષેત્રે સક્ષમ માનવબળથી આવી વધુને વધુ સંસ્થાઓ સ્થપાય તે આશયથી ત્રિભુવન સહકારી યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી રહી છે.

આ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ સહકારને લગતા વિષયો અંગે ટેક્નિકલ અને મેનેજમેન્ટનું જ્ઞાન મેળવશે. આ તાલીમબદ્ધ વિદ્યાર્થીઓ દેશના સહકાર ક્ષેત્રને વેગ આપવામાં મહત્વની ભૂમિકા ભજવશે. ત્રિભુવન સહકારી યુનિવર્સિટીમાં સહકાર ક્ષેત્રને લગતા શિક્ષણ, ટ્રેનિંગ અને રિસર્ચને પ્રોત્સાહન આપવામાં આવશે. તેનાથી 'સહકારથી સમૃદ્ધિ'ની ચળવળ વધુ વેગવંતી બનશે.

ત્રિભુવન સહકારી યુનિવર્સિટીની સ્થાપના અંગે આનંદ વ્યક્ત કરતા ખેતી બેન્કના ચેરમેન ડોલરભાઈ કોટેચાએ જણાવ્યું, "ભારતની રૂપેત ક્રાંતિના પાયામાં જેમણે ઈંટ મૂકેલી તેવા રૂપેત ક્રાંતિના પ્રણેતા, નખશિખ પ્રામાણિક અને સમગ્ર જીવન લોકસેવાને સમર્પિત કરનાર ત્રિભુવનદાસ પટેલ જેવા પરમાર્થ પુરુષના નામથી સહકારી માળખાને સુદૃઢ બનાવવાના સંકલ્પ સાથે ત્રિભુવન વિશ્વ વિદ્યાલયની સ્થાપના કરવા બદલ માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને માનનીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહને ખૂબ ખૂબ અભિનંદન."

ત્રિભુવન સહકારી યુનિવર્સિટીમાં કયા વિષયો ભણાવાશે?

દેશની સર્વપ્રથમ ત્રિભુવન સહકારી યુનિવર્સિટીમાં ડેરી, મત્સ્ય ઉદ્યોગ, શુગર, સહકારી બેન્કો, ગ્રામીણ ધિરાણ, બહુ-રાજ્ય સહકારી સંસ્થાઓ, સહકાર ક્ષેત્રે ધિરાણ અને માર્કેટિંગ, સહકાર ક્ષેત્રના કાયદા, એકાઉન્ટિંગ અને ઓડિટ જેવા વિષયોનું જ્ઞાન આપવામાં આવશે. આ કોર્સ આણંદની ઈરમા યુનિવર્સિટીમાંથી શીખવવામાં આવશે. આ યુનિવર્સિટીમાં કેન્દ્ર સરકાર દ્વારા ચાન્સેલરની નિમણૂંક કરવામાં આવશે.

વિશ્વના અનેક દેશોમાં સહકાર ક્ષેત્રની શૈક્ષણિક સંસ્થાઓ છે

ભારત સુદૃઢ સહકારી માળખું ધરાવતો દેશ હોવા છતાં આજ સુધી ભારતમાં સહકાર ક્ષેત્ર માટે કોઈ શૈક્ષણિક સંસ્થા સ્થાપવામાં આવી નહતી. જર્મની, કેન્યા, કોલંબિયા, સ્પેન જેવા અનેક દેશોમાં સહકાર ક્ષેત્ર માટે અલગથી શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવામાં આવી છે. ભારતમાં હવે આ ક્ષેત્રે પહેલ થતા ભારતના યુવાનોને પણ સહકાર ક્ષેત્રે ઉજ્જવળ કારકિર્દી બનાવવાની તક મળશે. સાથે સાથે સહકારી સંસ્થાઓને કુશળ માનવબળ મળી રહેશે અને સહકાર ક્ષેત્રનો ઝડપી વિકાસ થશે.

ગુજરાતમાં ભવ્ય મિલેટ મહોત્સવનું આયોજન





ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 9 ફેબ્રુઆરીના રોજ ગાંધીનગર ખાતે મિલેટ મહોત્સવનું ઉદઘાટન કર્યું હતું. આ મહોત્સવ અંતર્ગત શ્રી અન્ન (ધાન્ય) અને કુદરતી ખેતીને પ્રોત્સાહન આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશને અને વિશ્વને વધુ સ્વાસ્થ્યપ્રદ જીવનશૈલી માટે ફરીથી મૂળ તરફ પાછા વળવાની હાકલ કરી છે. તેમની આ જ પરિકલ્પનાને સાકાર કરવા માટે અને બાજરી, જવ, જુવાર જેવા શ્રી અન્ન અંગે જાગૃતિ વધારવા માટે ગુજરાતમાં મિલેટ મહોત્સવ ઉજવાઈ રહ્યો છે.

રાજ્ય સ્તરના આ મહોત્સવના ઉદઘાટન સમારંભમાં રાજ્યના કૃષિ મંત્રી રાઘવજી પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ મહોત્સવમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અન્ય મહાનુભાવો સાથે એક્ઝિબિશનના તમામ સ્ટોલની મુલાકાત લીધી હતી. તેમણે આ ઉપરાંત અમદાવાદ અને જામનગર જિલ્લામાં ત્રણ નવા ગોડાઉન કોમ્પ્લેક્સનું ઉદઘાટન કર્યું હતું. આ ગોડાઉન ગુજરાત રાજ્ય બીજ નિગમ હસ્તક છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું, "વડાપ્રધાન નરેન્દ્ર મોદી લોકોને સતત તેમના સ્વાસ્થ્યને પ્રાધાન્ય આપવા પ્રેરિત

દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ મિલેટ્સને દેશભરમાં જ નહિ, વિશ્વભરમાં પ્રચલિત બનાવી દીધા છે.

કરે છે. તેમના કુશળ નેતૃત્વમાં લોકોનું હિત એ દેશની સર્વોચ્ચ પ્રાથમિકતા બની છે. આ પહેલ પણ જનકલ્યાણ માટે સરકારની પ્રતિબદ્ધતા સૂચવે છે."

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના કૃષિ વિભાગને બે દિવસના મિલેટ મહોત્સવના સુંદર આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી 'વિરાસત ભી, વિકાસ ભી'ના મંત્ર સાથે દેશના સમૃદ્ધ વારસાને જાળવવાનું કાર્ય કરી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય











રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મહોત્સવનું ઉદઘાટન કરતા ખેડૂતોને મિલેટ્સ અને કુદરતી ખેતી તરફ વળવા પ્રોત્સાહન આપ્યું

ગુજરાતના કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું કે કેન્દ્ર અને રાજ્ય સરકાર મિલેટ્સનું ઉત્પાદન કરતા ખેડૂતોને પ્રોત્સાહન આપવા સક્રિય છે.

મિલેટ યરની ઉજવણી સાથે તેમણે આ ધાન્યોને ભારતમાં જ નહિ, વૈશ્વિક ફલક પર પણ લોકપ્રિયતા અપાવવામાં મોટો ફાળો આપ્યો છે.

બરછટ ધાન્ય એ સદીઓથી ભારતીયોના આહારનો મહત્વપૂર્ણ ભાગ રહ્યા છે. થોડા દાયકાઓ પૂર્વે જે ધાન્ય ફક્ત ઓછી આવક ધરાવનારા પરિવારો ખાતા હતા તે ધાન્યોની આજે ધનાઢ્ય પરિવારોમાં બોલબાલા વધી રહી છે. આજે લગનોમાં મિલેટમાંથી બનેલી સ્વાદિષ્ટ વાનગીઓ માટે અલગ કાઉન્ટર્સ જોવા મળી રહ્યા છે. ટૂંકમાં, લોકોમાં મિલેટ્સમાં રહેલા પોષકતત્વો અંગે જાગૃતિ વધી છે અને આ સાથે જ તેના વપરાશમાં પણ વધારો થયો છે. આજે મોટા મોટા સ્ટોર કે દુકાનોમાં મિલેટ તથા તેની આઈટમ્સ પેકેટમાં મળતી થઈ ગઈ છે. મિલેટ્સ માટે દેશ ભરમાં એક મજબૂત સપ્લાય ચેઈન ઊભી થઈ રહી છે. હાલમાં દેશમાં મિલેટ્સને લગતા 500 જેટલા સ્ટાર્ટઅપ્સ કાર્યરત છે. આ ઉપરાંત અનેક FPO (ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન્સ) આ ક્ષેત્રમાં સક્રિય રીતે કાર્ય કરી રહ્યા છે. મિલેટ્સ અને તેના ઉત્પાદનો વેચીને અનેક મહિલા ઉદ્યોગસાહસિકો આત્મનિર્ભર બની રહ્યા છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ખેડૂતોને કુદરતી ખેતીનું મહત્વ સમજાવીને રસાયણિક ખેતીથી દૂર રહેવા વિનંતી કરી હતી. તેમણે ખેડૂતોને ગૌઆધારિત કૃષિ તરફ વળવા વિનંતી કરી હતી.

આ પ્રસંગે ગુજરાતના કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું કે મિલેટ્સની ખેતીથી ખેડૂતો, જમીન અને ગ્રાહકો એમ બધાને લાભ થાય છે. તેમાં ભરપૂર પ્રમાણમાં પોષકતત્વો રહેલા હોય છે અને દરેક વયની વ્યક્તિ માટે મિલેટ્સ સ્વાસ્થ્યવર્ધક છે. તેમણે જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 2023ના વર્ષને આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ તરીકે ઉજવવાના પ્રસ્તાવને 72 દેશો તરફથી ટેકો મળ્યો હતો. હવે સુપરફૂડ તરીકે મિલેટ્સ સમગ્ર વિશ્વમાં લોકપ્રિય બની રહ્યા છે. કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું કે કેન્દ્ર અને રાજ્ય સરકાર મિલેટ્સના ઉત્પાદનને સક્રિય રીતે પ્રોત્સાહન આપી રહી છે. તેનાથી પર્યાવરણ સુધરે છે અને ખેડૂતોને આર્થિક લાભ મળે છે.

રાજ્યની સાત જેટલી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં તારીખ 8 અને 9 એમ બે દિવસ યોજાયેલા મિલેટ ફેસ્ટિવલમાં મિલેટનું ઉત્પાદન કરતા ખેડૂતો, કુદરતી ખેતી કરનારા ખેડૂતો અને ઓર્ગેનિક ફૂડના ઉત્પાદકોને બહોળા માર્કેટ સુધી પહોંચવાની તક પૂરી પાડવામાં આવી હતી. આ ઉપરાંત પેનલ ચર્ચા, તાલીમ, સાંસ્કૃતિક કાર્યક્રમ અને મિલેટના એક્ઝિબિશનને લીધે મોટી સંખ્યામાં લોકો આ મહોત્સવ તરફ આકર્ષાયા હતા. એક્ઝિબિશનમાં નાગલી, આંબા મોર ચોખા, દૂધ મલાઈ ચોખા, કોડો, જવાર, જવ, રાગી, રાજગરો, ઓર્ગેનિક ગોળ અને મધ જેવા ઉત્પાદનો લોકોના આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

આ મહોત્સવમાં યોજાયેલી પેનલ ડિસ્કશનમાં કૃષિ વૈજ્ઞાનિકોએ મિલેટ્સનું મહત્વ, તેમાં વેલ્યુ એડિશન કેવી રીતે કરી શકાય, ઓર્ગેનિક ફાર્મિંગનું મહત્વ, તેના સર્ટિફિકેશનની પ્રક્રિયા, હોર્ટિકલ્ચર ઉત્પાદોનું કેનિંગ કેવી રીતે કરવું વગેરે જેવા રસપ્રદ વિષયો પર ચર્ચા કરી હતી. આ ઉપરાંત અનેક સ્ટોલ્સ પર મિલેટ્સની વાનગી કેવી રીતે બનાવવી તે દર્શાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત કુદરતી ખેતીની ટેકનિક, ફૂડ પ્રોસેસિંગ વગેરે વિષયો પર રસપ્રદ ચર્ચા કરવામાં આવી હતી.

મિલેટ મહોત્સવમાં અનેક મહાનુભાવોએ હાજરી પૂરાવી હતી. તેમાં અમદાવાદના મેયર પ્રતિભા જૈન. અમદાવાદ જિલ્લા પંચાયતના પ્રમુખ કંચનબા વાઘેલા, રાજ્યસભાના સભાસદ નરહરિ અમીન, સ્થાનિક સભાસદો સહિત અન્ય અનેક મહાનુભાવોનો સમાવેશ થાય છે. આત્મા (એગ્રીકલ્ચર ટેક્નોલોજી મેનેજમેન્ટ એજન્સી), હોર્ટિકલ્ચર વિભાગના પ્રતિનિધિઓ અને અધિકારીઓ તથા મોટી સંખ્યામાં ખેડૂતોએ પણ આ મહોત્સવમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

અમદાવાદ અને જામનગર જિલ્લામાં ત્રણ નવા ગોડાઉનનું ઉદઘાટન કરવામાં આવ્યું



ખેડબ્રહ્મા ખાતે ખેતી બેન્કની નવી શાખાનું ખાતમૂહુર્ત કરાયું

- સંત શિરોમણિ શ્રી સોહમપુરી મહારાજના હસ્તે ભૂમિ પૂજન સંપન્ન થયું.
- છ મહિનાના ટૂંકા ગાળામાં ખેડબ્રહ્મામાં ખેતી બેન્કની અદ્યતન શાખા તૈયાર થઈ જશે

ખેડબ્રહ્મામાં ખેતી બેન્કની નવી શાખાનું મકાન બનાવવા માટે 6 માર્ચના યોજ ભૂમિ પૂજનનો કાર્યક્રમ યોજાયો હતો. ખેડબ્રહ્મા શાખાના નવા મકાનનું ભૂમિપૂજન સંત શિરોમણિ શ્રી સોહમપુરી મહારાજ નીલકંઠ મહાદેવ લક્ષ્મીપુરાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમ ખેતી બેન્કના ચેરમેન ડોલરભાઈ કોટેચાના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ખેડબ્રહ્માના મહાનુભાવો, સહકારી આગેવાનો તથા મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

ખેડબ્રહ્માના ખાતમૂહુર્તના કાર્યક્રમમાં રાજ્યસભાના સાંસદ રમીલાબેન બારા, સાબકાંઠા જિલ્લાના સાંસદ શોભનાબેન બારૈયા, સાબરકાંઠાના ભાજપ પ્રમુખ કનુભાઈ જી પટેલ, પૂર્વ ધારાસભ્ય અશ્વિનભાઈ કોટવાલ, સાબરકાંઠા સહકારી સંઘના પ્રમુખ જશુભાઈ પટેલ, ગુજકોટ અમદાવાદના વાઈસ ચેરમેન પરપોત્તમભાઈ પટેલ, મહેસાણા ખેતી બેન્કના જિલ્લા ડિરેક્ટર રામજીભાઈ ચૌધરી, સાકો બેન્કના ડિરેક્ટર ગોપાલભાઈ પટેલ, ખેડબ્રહ્મા તાલુકાના ભાજપ પ્રમુખ હિતેશભાઈ એમ પટેલ અને મોટી સંખ્યામાં સહકારી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ખેતી બેન્ક શાખા સમિતિના પ્રમુખ રવીન્દ્રભાઈ એમ પટેલ, ઉપપ્રમુખ હિતેશભાઈ એમ પટેલ, મૂળજીભાઈ પટેલ, જશવંતભાઈ પટેલ, જીતાભાઈ પટેલ, નટવરભાઈ પટેલ અને ખેતી બેન્કની અમદાવાદ હેડ ઑફિસના જનરલ મેનેજર કે.બી પટેલ, ચિરાગભાઈ ચુડાસમા, સાબરકાંઠા જિલ્લા મેનેજર સી.જે પટેલ, સાબરકાંઠા તથા અરવલ્લીના ખેતી બેન્કના પ્રતિનિધિઓ અને અન્ય સહકારી મંડળીઓના પ્રતિનિધિઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ખેતી બેન્કના પૂર્વ વાઈસ ચેરમેન ફલજીભાઈ પટેલે જણાવ્યું કે ખેતી બેન્ક ખેડબ્રહ્મામાં છ મહિનાના ટૂંકા ગાળામાં અદ્યતન મકાન બનાવવાનું લક્ષ્ય ધરાવે છે. છ મહિનામાં ખેતી બેન્કની અદ્યતન શાખાનું લોકાર્પણ કરવામાં આવશે. સંત શિરોમણિ સોહમપુરી મહારાજે ખેડૂતોના વિકાસ માટે શુભકામના પાઠવી હતી.

ખેતી બેંકની ખેડબ્રહ્મા શાખાના નવિન મકાનનુ ભૂમિ પૂજન યોજાયું.





સંત શિરોમણી પ.પૂ. શ્રી સોહમપૂરી મહારાજ અને પૂર્વ વાઈસ ચેરમેન શ્રી ફલજીભાઈ ગેમરભાઈ પટેલ



પૂર્વ વાઈસ ચેરમેન દ્વારા શ્રી સોહમપૂરી મહારાજનું સન્માન



શ્રીમતિ શોભનાબેન બારૈયા, સાંસદ સભ્ય, સાબરકાંઠા જિલ્લો



શ્રીમતિ રમિલાબેન બારા, સાંસદ સભ્ય, રાજ્યસભા,



શ્રીમતિ પ્રિયંકાબેન ખરાડી, નગરપાલિકા પ્રમુખ, ખેડબ્રહ્મા











અનુરાગ ડાંગ



સંઘર્ષ કરીને રમતવીર બનેલી ખેડૂત પરિવારની દીકરી

નિરમાબેન ઠાકોર બન્યા ખેતી બેન્કના બ્રાન્ડ એમ્બેસેડર

યુવાનોને સહકાર ક્ષેત્રની પ્રવૃત્તિ સાથે જોડવા માટે ખેતી બેન્ક દ્વારા 1 માર્ચના રોજ યોજાયેલા કાર્યક્રમમાં ગુજરાતના ખેડૂત પરિવારની દીકરી અને દેશના અવ્વલ મેરેથોન રનર નિરમાબેન ઠાકોરને ખેતી બેન્કના બ્રાન્ડ એમ્બેસેડર ઘોષિત કરવામાં આવ્યા હતા. હવેથી પાટણના હાજીપુર ગામના ખેડૂત પરિવારની આ દીકરીની મેરેથોન દોડ માટેની તાલીમનો ખર્ચ ખેતી બેન્ક ઉઠાવશે તેવી જાહેરાત બેન્કના ચેરમેન ડોલરભાઈ કોટેચાએ કરી હતી.

સમગ્ર વિશ્વમાં 2025નું વર્ષ આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ એટલે કે 'ઈન્ટરનેશનલ યર ઑફ કો-ઓપરેટિવ 2025' તરીકે ઉજવવામાં આવી રહ્યું છે. આ વર્ષ દરમિયાન યુવાનો સહકાર ક્ષેત્ર સાથે જોડાય અને આ ક્ષેત્રના વિકાસમાં પોતાનું મૂલ્યવાન યોગદાન આપે તે માટે વિવિધ પહેલ હાથ ધરવામાં આવી રહી છે. આ અંતર્ગત ખેતી બેન્કે યુવાનોને સહકાર ક્ષેત્રમાં જોડાવા પ્રોત્સાહિત કરવા માટે અમદાવાદના આશ્રમ રોડ ખાતે આવેલા રિફોર્મ ક્લબમાં સહકારિતા વર્ષની ઉજવણીના કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં NCUI, દિલ્હીના આસિસ્ટન્ટ ડિરેક્ટર અનુરાગ ડાંગ દ્વારા ખેતી બેન્કના યુવાન કર્મચારીઓને વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાતના રાજ્યસભાના સાંસદ મયંકભાઈ નાયક તથા ગુજરાત વિધાનસભાના ડેપ્યુટી સ્પીકર જેઠાભાઈ ભરવાડ ઉપસ્થિત રહ્યા હતા.

સહકાર ક્ષેત્ર હંમેશાથી સ્ત્રીઓ અને યુવાનોના સશક્તિકરણને મહત્વ આપતું આવ્યું છે. સહકારી મંડળીઓથી જ વિકસેલા ડેરી ઉદ્યોગમાંથી ગામડાની મહત્તમ મહિલાઓ રોજગારી મેળવે છે. ભારતનું સહકાર ક્ષેત્ર મહિલાઓના દેશ અને સમાજના આર્થિક તથા સામાજિક વિકાસમાં વિશાળ યોગદાનનો બોલતો પુરાવો છે. સહકાર ક્ષેત્રના માધ્યમથી યુવાનો અને મહિલાઓના સશક્તિકરણને કેન્દ્રમાં રાખીને ખેતી બેન્ક દ્વારા નિરમાબેન ઠાકોરને ખેતી બેન્કના 'બ્રાન્ડ એમ્બેસેડર' બનાવવાની ઘોષણા કરવામાં આવી હતી. નિરમાબેન ઠાકોર પાટણના હાજીપુર ગામના એક ખેડૂત પરિવારમાંથી આવે છે. અનેક સંઘર્ષો સામે બાથ ભીડીને તેઓ આજે મેરેથોન દોડમાં અનેક સુવર્ણ ચંદ્રક જીતનાર કુશળ રમતવીર તરીકે ઊભરી આવ્યા છે. તેઓ મહિલા સશક્તિકરણ અને શ્રેષ્ઠતાનું સુંદર ઉદાહરણ છે. નિરમાબેન ઠાકોરની સિદ્ધિઓ મજબૂત મનોબળનું ફળ છે અને તે ગ્રામીણ વિસ્તારની મહિલાઓને તેમના સપના સાકાર કરવા માટે તથા રાષ્ટ્રીય ગૌરવમાં યોગદાન આપવા પ્રેરિત કરે તેવું છે.

આ પ્રસંગે ખેતી બેન્કના ચેરમેન ડોલરભાઈ કોટેચાએ જણાવ્યું, "સમય સાથે ચાલવું તે ખેતી બેન્કનો મુદ્રાલેખ છે. ખેતી બેન્ક ખેડૂતો સાથે જોડાયેલા કામ કરતી બેન્ક છે. બેન્કનું મોટા ભાગનું ધિરાણ ખેડૂતલક્ષી જ હોય છે. બેન્કને ધ્યાનમાં આવ્યું કે પાટણના એક ખેડૂત પરિવારની નાની દીકરી રનિંગમાં ખૂબ મહેનત કરે છે અને તેમના પરિવારની એમને સારી તાલીમ અપાવી શકે તેવી આર્થિક પરિસ્થિતિ નથી. તાલીમને અભાવે દીકરી આપણા ગુજરાત કે દેશને ગૌરવ અપાવવા માટે સક્ષમ ન બની શકે તેવું ન થાય તે માટે અમે તેમને બેન્કના બ્રાન્ડ એમ્બેસેડર બનાવ્યા છે. આગામી સમયમાં દીકરીને જે કંઈ તાલીમ લેવી પડશે તેનો ખર્ચ ખેતી બેન્ક ઊઠાવશે. આ દીકરીને સફળ બનાવવા માટે તમામ ખર્ચ ઊપાડવાની ખેતી બેન્કે નેમ લીધી છે."

ખેતી બેન્કના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિરમા ઠાકોર સમગ્ર ગુજરાતમાં સાક્ષરતા અભિયાનનું નેતૃત્વ કરશે. સાથોસાથ તેઓ રાજ્યના યુવાનોને રમત-ગમતમાં ભાગ લેવા અને દેશને આ ક્ષેત્રે ગૌરવ અપાવવા માટે પ્રેરિત કરશે. આ અભિયાનનો મુખ્ય હેતુ ગ્રામીણ વિસ્તારની મહિલાઓને રમત ગમત અને અન્ય પ્રવૃત્તિઓમાં જોડાવા માટે પ્રેરણા આપવાનો છે. નિરમાબેને પોતાની ખુશી વ્યક્ત કરતા જણાવ્યું કે, "ખેતી બેન્ક સાથે જોડાઈને હું ખેડૂતોનું સારું થઈ શકે તેવા તમામ પ્રયત્નો કરીશ."

દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય સહકારિતા મંત્રી અમિતભાઈ શાહની વિકસિત, સશક્ત અને આત્મનિર્ભર ભારતની પરિકલ્પનાને સાકાર કરવા માટે આ દિવસે ગુજરાત રાજ્ય સહકારી કૃષિ અને ગ્રામીણ વિકાસ બેન્ક લિમિટેડ (ખેતી બેન્ક) દ્વારા ઈન્ડક્શન તાલીમ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. બેન્કના ચેરમેન ડોલરભાઈ કોટેચાએ આ પ્રસંગે ખેતી બેન્કમાં દિવ્યાંગ યુવાનોને ભરતી ઓર્ડર આપી તેમનું સન્માન કર્યું હતું.







નિરમાબેનના માતા-પિતાઃ ઠાકોર ભરતજી - ઠાકોર જ્યોત્સનાબેન ભરતજી







નિરમાબેનના કોચ -રમેશભાઈ રબારી



પાટણની ખેડૂત પુત્રીએ સર કર્યા સફળતાના શિખર

નિરમા ઠાકોર છેલ્લા બે વર્ષથી ટાટા મુંબઈ કુલ મેરેથોનમાં વિજેતા તરીકે ઊભરી રહ્યા છે. વર્ષ 2024માં તેમણે 41.195 કિલોમીટરનું અંતર રેકોર્ડ 2 કલાક 47 મિનિટ અને 11 સેકન્ડમાં કાપ્યું હતું. આ વર્ષે જાન્યુઆરીમાં યોજાયેલી ટાટા મુંબઈ મેરેથોનમાં તેમણે 2 કલાક 50 મિનિટ 6 સેકન્ડમાં અંતર કાપીને મેરેથોન જીતી લીધી હતી. તેમણે વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. નિરમા ઠાકોરનો પરિવાર પાટણના હાજીપુર ગામમાં રહે છે. દીકરીના એથ્લીટ બનવાના સ્વપ્નને પૂર્ણ કરવા માટે તેમના પિતા પોતાના ખેતરમાં ખેતી કરવા ઉપરાંત બીજા ખેતરમાં કામ પણ કરે છે. નિરમાબેન તેમના દેશ અને પરિવાર માટે આગળ અનેક સિદ્ધિઓ હાંસલ કરવાનું સપનું ધરાવે છે. ખેતી બેન્ક તેમની તાલીમનો ખર્ચ ઊઠાવીને તેમની સફળતા અને સંઘર્ષની આ યાત્રામાં સાથી બનવા જઈ રહી છે.



કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવિયાએ લીધી ખેતી બેન્કની સૌજન્ય મુલાકાત

વિકસિત ભારતના વિઝન અને સહકારથી સમૃદ્ધિના મંત્રને સાર્થક કરવાની દિશામાં ખેતી બેન્કની પહેલ

- ખેતી બેન્કની 2022-23માં શરૂ થયેલી સફળતાની સફર 2023-24 અને 2024-25માં પણ મજબૂત રીતે આગળ વધતી રહી છે
- ખેતી બેન્કે જરૂરિયાતને સમયે ખેડૂતોને સરળતાથી લોન આપવાની વ્યવસ્થા કરી આપીને ખેડૂતોને શાહુકારોની ચુંગાલમાંથી બચાવ્યા છે
- 2023-24ના વર્ષમાં જૂના બાકી લેણામાંથી રૂ. 295 કરોડની મજબૂત વસૂલી કરીને બેન્કના નાણાંકીય પરફોર્મન્સની શિકલ બદલી નાખી

ખેતી બેન્ક તરીકે સમગ્ર ગુજરાતમાં ને દેશમાં જાણીતી ગુજરાત સ્ટેટ કોઓપરેટીવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેન્કે છેલ્લા ત્રણ વર્ષથી સતત સફળતાના નવા શિખરો સર કરી રહી છે. ખેતી બેંક અમદાવાદના ચેરમેન ડોલર કોટેચાના નિમંત્રણને સ્વીકારી કેન્દ્રિય શ્રમ અને રોજગાર મંત્રી ડૉ.મનસુખ માંડવિયાએ ખેતી બેન્કની અમદાવાદ સ્થિત મુખ્ય કચેરીએ મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન રાજ્યસભાના સભ્ય મયંક નાયક તેમજ ગુજરાત પ્રદેશ સહકારિતા સેલના સંયોજક બિપિન પટેલ (ગોતા) ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ મહત્વપૂર્ણ કાર્યક્રમ થકી ખેતી બેંક તેની યાત્રામાં એક નવા અધ્યાયની શરૂઆત કરી રહી છે. ભારતના ખેડૂત સમુદાયના વિકાસ અને સશક્તિકરણમાં મુખ્ય અને મજબુત ભૂમિકા ભજવવા તરફ આગળ વધવા માંડી છે. ડૉ. મનસુખ માંડવિયાએ તેમના સંબોધનમાં જણાવ્યુ હતું કે ખેતી બેન્ક સાચા અર્થમાં વિકસિત ભારતના ખેડૂતોની બેન્ક છે. કૃષિ ક્ષેત્રમાં દિવસે ને દિવસે ખૂબ પ્રગતિ થઈ રહી છે, જે ખેતી બેંકની મુલાકાત લેતા અને તેના નાણાંકીય પરફોર્મન્સને જોતાં દેખાઈ રહી છે. વિશ્વમાં ખેતીની જમીન ઓછી થતી રહી છે તેની સામે ભારતમાં દરેક રાજ્યમાં એક વર્ષમાં હજી પણ ત્રણ પાક લઈ શકાય છે. દેશની મુખ્ય નદીઓને એકબીજા સાથે લિંક કરીને એટલે કે જોડી દઈને તેના પાણીથી આખા દેશની જમીન ફળદ્રુપ કરી શકાય તેવી ક્ષમતા આપણી પાસે છે અને આપણુ ગુજરાત દેશ માટે તેનું અજોડ મોડેલ છે.

ગુજરાતના સરદાર સરોવરનું પાણી ભાવનગર સુધી પહોંચે છે અને પાલીતાણાનો ડેમ અને અમૃત સરોવર નર્મદાના નીરથી ભરેલું રહે છે. ખેતીમાં હવે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ થવા લાગ્યો છે, હવે આધુનિક બિયારણ આવી રહ્યું છે, ખેતી બેંક જેવું સારૂં મેનેજમેન્ટ આવી રહ્યું છે અને કો-ઓપરેટીવ બેંકો પણ નફો કરતી થઈ છે. રાજ્યના ખેડૂતો પણ હવે ખુબ જાગૃત થયા છે. ખેતી બેન્કની લોનથી ખેડુતોના નાના-મોટા પ્રસંગો પણ પાર પડી રહ્યા છે. ડૉ. મનસુખ માંડવિયાએ આગવી રીતે ખેતી બેંકના પ્રયાસોને વધુ મજબૂત બનાવવા તેમનું અમૂલ્ય માર્ગદર્શન અને આશિર્વાદ આપ્યા હતા.

ડૉ. મનસુખ માંડવિયાની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમની કાર્યક્રમની શરૂઆતમાં ખેતી બેન્કે છેલ્લા ત્રણ વર્ષમાં મેળવેલી પ્રભાવક અને પ્રેરણાદાયી સિદ્ધિઓને ઉજાગર કરતી ડોક્યુમેન્ટરી ફિલ્મ દર્શાવીને કરવામાં આવી હતી. તેમ જ ગ્રામીણ વિસ્તારમાં બેન્કિંગમાં થયેલી પ્રગતિનો ખ્યાલ આપવામાં આવ્યો હતો. તેમ જ આ ડોક્યુમેન્ટરી ફિલ્મ ખેડૂતોને સશક્ત બનાવવા માટેની બેન્કની પ્રતિબદ્ધતાને પ્રદર્શિત કરે છે. છેલ્લા ત્રણ વર્ષમાં બેન્કે મેળવેલી મોટી મોટી સિદ્ધિઓની આ રહી વિગતો.

ગુજરાત સ્ટેટ કોઓપરેટીવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેન્કે 2022-23ના વર્ષ દરમિયાન ડોલર કોટેચાના નેતૃત્વ હેઠળ રૂ. 101 કરોડનો કુલ નફો કરીને સહકારી ક્ષેત્રમાં વિશિષ્ટ ઈમેજ ઊભી કરી હતી. આ સાથે જ ખેતી બેન્કે તેના દાયકાઓ જૂના નાણાંકીય પરફોર્મન્સ કરતાં મજબૂત પરફોર્મન્સ આપીને સહકારી ક્ષેત્રમાં એક આગવી ઓળખ ઊભી કરવાની શરૂઆત કરી હતી. તેમ જ રૂ. 101 કરોડના અભૂતપૂર્વ તગડા નફા સાથે ખેતી બેન્ક ઝીરો નેટ એનપીએ બેન્ક પણ બની ગઈ હતી.

આ નોંધપાત્ર સફળતા માટે ઈફકો અને ગુજકોમાસોલના ચેરમેન દિલીપ સંઘાણીએ બેન્કના નાણાંકીય પરફોર્મન્સની સરાહના કરીને ખેતી બેન્કના ચેરમેન ડૉલર કોટેચાને અભિનંદન પણ આપ્યા હતા. દિલીપ સંઘાણીએ સોશિયલ મિડીયા પર આ સિદ્ધિને બિરદાવતા જણાવ્યું હતું કે ખેતી બેન્કે રૂ. 100 કરોડથી વધુના કરેલા નફા બદલ તેના ચેરમેન ડૉલર કોટેચા અને વાઈસ ચેરમેન લાલજીભાઈનું હું અભિનંદન આપું છું.

ખેતી બેન્કના 2022-23ના ઓડિટ કર્યા વિનાના હિસાબો મુજબ 2022-23માં ખેતી બેન્કનું ધિરાણ રૂ. 552 કરોડથી વધીને રૂ. 644 કરોડ થયુ હતું. આ વર્ષે બેન્કની શેરમૂડી રૂ. 47 કરોડની અને સ્વભંડોળ રૂ. 618 કરોડે પહોંચી ગયું હતું. 2021-22માં બેન્કનો કુલ નફો રૂ. 50.79 કરોડનો હતો. તે 2022-23માં વધીને 101.52 કરોડનો થયો હતો. 31મી માર્ચ 2023ના બેન્કનો ચોખ્ખો નફો રૂ. 51.55 કરોડનો થયો હતો. ખેતી બેન્કના નાણાંકીય પરફોર્મન્સને જોઈને કેન્દ્રના સહકારિતા મંત્રી અમિત શાહ પ્રભાવિત થયા હતા. તેમ જ ખેતી બેન્કની વાર્ષિક સામાન્યસભામાં ઉપસ્થિત રહ્યા હતા. ખેતી બેન્ક કૃષિ ક્ષેત્રમાં માળખાકીય સુવિધા ઊભી કરવા માટે ગુજરાતના ખેડૂતોને લોન આપવાની કામ કરે છે. ખેતી બેન્કે ખેડૂતોને સરળતાથી લોન આપીને શાહુકારોની ચુંગાલમાંથી છોડાવવાનું ઉમદા કાર્ય પણ કર્યું જ છે. ખેડૂતોને લોન વિતરણ કરનારી મોટામાં મોટી બેન્ક તરીકેની ખ્યાતિ પણ ખેતી બેન્કે હાંસલ કરી હતી. ખેતી બેન્ક મધ્યમથી લાંબા ગાળા માટે ધિરાણ આપે છે. ગુજરાતના 17 જિલ્લામાં તેની ઓફિસો છે. સમગ્ર ગુજરાતમાં ખેતી બેન્કની 176 શાખાઓ સક્રિય છે. ખેતી બેન્કના ત્રણ લાખથી વધુ સભાસદો છે. તેમ જ રૂ. 232 કરોડથી વધુની થાપણો સુધી પહોંચવામાં 2022-23માં સફળ રહી છે. ડૉલર કોટેચાએ તેમના કુશળ નેતૃત્વથી ખેતી બેન્કની નાણાંકીય સ્થિતિમાં મોટું પરિવર્તન લાવી દેવામાં સફળતા હાંસલ કરી છે.

સફળતાની સીડી પર આગળ વધવાનું 2023-24માં પણ ચાલુ જ રહ્યું હતું. 2023-24ના વર્ષને અંતે ખેતી બેન્કે ઝીરો એનપીએ સાથે રૂ. 91 કરોડનો પ્રભાવક નફો કર્યો હતો. 2023-24ના વર્ષમાં ખેતી બેન્કની ધિરાણ રૂ. 837.89 કરોડની સપાટીને વળોટી ગયું છે. 2022-23માં તેનું ધિરાણ રૂ. 644 કરોડનુ હતું. આમ તેમાં રૂ. 93 કરોડનો તગડો વધારો જોવા મળ્યો છે. 2023-24ના વર્ષ દરમિયાન ડૉલર કોટેચાએ જૂના બાકી લેણામાંથી રૂ. 295 કરોડની રિકવરી કરવાની મોટી સિદ્ધિ હાંસલ કરી છે.

આમ સહકારથી સમૃદ્ધિના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના અને સહકિરીતા મંત્રી અમિત શાહના સૂત્રને સાર્થક ને સાકાર કરવામાં સિંહફાળો પણ આપ્યો છે. ડૉલર કોટેચાએ આ સફળતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સહકારિતા મંત્રી અમિત શાહના માર્ગદર્શનને આભારી હોવાનું જણાવ્યું હતું. ખેતી બેન્કે 2022-23માં રૂ. 51.19 કરોડનો ચોખ્ખો નફો-નેટ પ્રોફિટ કર્યો હતો. 2023-24માં પણ ચોખ્ખો નફો વધીને રૂ. 65 કરોડને આંબી ગયો હતો. દેશભરની ખેતી બેન્કના સંઘ-નાફકાર્ડના ચેરમેન તરીકે પણ સેવા આપતા ડૉલર કોટેચાએ કહ્યું હતું કે બેન્કે ધિરાણ આપવાની અને રિકવરી કરવાની તેની વ્યવસ્થાને વધુ ચુસ્ત અને કૃષિકારોને અનુકૂળ બનાવી દઈને આ સિદ્ધિ મેળવી છે. હજીયે અમે સફળતાની સીડી પર નવી ઊંચાઈ હાંસલ કરવાની ઈચ્છા ધરાવીએ છીએ.

ડૉ. મનસુખ માંડવિયાની આજની સૌજન્ય મુલાકાતનો કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો હતો. જે "વિકસિત ભારત"ના વિઝનને સાકાર કરવાની સાથોસાથ સહકારથી સમૃદ્ધિના મંત્રને સાર્થક કરવા અને બધા માટે સામાજિક અને આર્થિક વિકાસ પ્રાપ્ત કરવાના સાધન તરીકે સહકારી સંસ્થાઓને ટેકો આપવાની બેંકની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવવા તરફ વધુ એક પગલું હતું.

ખેતી બેન્કના ચેરમેન ડોલર કોટેચા અને બોર્ડના સભ્યોએ ઉપસ્થિત મહેમાનોનું હાર્દિક સ્વાગત કર્યું હતું. ડૉ. મનસુખ માંડવિયાએ સંબોધન દરમિયાન નાના ખેડૂતોના ફાઈનાન્શિયલ ઈન્ક્લુઝન એટલે કે નાણાકીય સમાવેશ, ગ્રામીણ વિકાસના મહત્વ વિશે તેમની કોઠાસૂઝથી મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું અને કૃષિ ક્ષેત્રને વધુ વાઈબ્રન્ટ-જોમવંતુ ને જોશીલું બનાવવા માટે ખેતી બેન્ક દ્વારા સતત કરવામાં આવી રહેલા પ્રયાસોને વધુ મજબૂત બનાવવા માટે પણ માર્ગદર્શન અને આશીર્વાદ આપ્યા હતા.











સમૂહ લગ્નમાં 122 દીકરીઓને ખેતી બેન્ક તરફથી સોનાની ચુની, ચાંદીની ગાય અને તુલસી ક્યારાની ભેટ



ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા દીવ, દમણ અને દાદરાનગર હવેલી અને લક્ષદ્વીપના પ્રશાસક પ્રફુલભાઈ પટેલની ઉપસ્થિતિમાં સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના ક્ષત્રિય તથા ઠાકોર સમાજના સહયોગથી 122 વ્હાલી દીકરીઓના વિવાહ માટે નિઃશુલ્ક સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગનું આયોજન સાંસદ શોભનાબેન બારૈયા તથા પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાના સહયોગથી પ્રાંતિજના આમોદરા ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ખેતી બેન્કના ચેરમેન ડોલરભાઈ કોટેચા નવદંપત્તિને આશીર્વાદ આપવા માટે ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નવયુગલ દંપત્તિઓને સુખી દાંપત્યજીવન માટે શુભકામના પાઠવી હતી. તેમણે જણાવ્યું, "સમૂહ લગ્ન સામાજિક સમરસતાની દિશામાં સરાહનીય પહેલ છે. તે સમાજને નિકટ લાવવાનું કામ કરે છે. સાદગીથી ઉજવાતા આવા અવસર સમાજ માટે પ્રેરણારૂપ બની રહે છે."

મોંઘવારીના જમાનામાં દેખાદેખીમાં થતા ખર્ચાળ લગ્નો ગરીબ, મધ્યમ અને ઉચ્ચ મધ્યમવર્ગની કમર તોડી નાંખે છે. તેવામાં સમૂહ લગ્નોત્સવ ખર્ચાળ લગ્નોને તિલાંજલિ આપીને ઓછા ખર્ચે લગ્ન જેવો મોટો પ્રસંગ પાર પાડવા માટે સાધારણ આર્થિક પરિસ્થિતિ ધરાવનાર લોકોને સક્ષમ બનાવે છે. આજની મોંઘવારીના જમાનામાં સમૂહ લગ્નોત્સવની પરંપરા ખૂબ અસરકારક પુરવાર થઈ રહી છે.

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં સરકારે 'સબકા સાથ, સબકા વિકાસ'ની નેમ લીધી છે. આ પ્રકારના સમૂહ લગ્નો સરકારની આ જ નેમને પ્રતિબિંબિત કરે છે. રાજ્યની 122 દીકરીઓએ આ સમૂહ લગ્નનો લાભ મેળવ્યો હતો. આ પ્રસંગમાં સમાજની એકતા, સંવેદનશીલતા અને સહકારિતાના દર્શન થયા હતા.

> સમૂહ લગ્ન જેવી સકારાત્મક પરિવર્તન લાવતી અને દીકરીઓ માટે નવી સંભાવના ઊભી કરતી પહેલ અવિરત ચાલુ રહે તે માટે ખેતી બેન્ક પ્રયત્નશીલ રહેશે
> - ડોલરભાઈ કોટેચા

> ખેતી બેન્કના ચેરમેન ડોલરભાઈ કોટેચાએ સાબરકાંઠામાં સમૂહલગ્નમાં 122 દીકરીઓને સુખી દાંપત્યજીવન માટે શુભકામના પાઠવીને ભેટ આપી



આ કાર્યક્રમનું આયોજન કરનારા સાબરકાંઠાના સાંસદ શોભનાબેન બારૈયાએ નવયુગલોનું દાંપત્યજીવન અખંડ રહે તે માટે આશીર્વાદ આપ્યા હતા. તેમણે જણાવ્યું, "સમાજમાં અંધશ્રદ્ધાનું પ્રમાણ ઘટે અને શિક્ષણ વધે તે માટે પ્રયત્નો થવા જોઈએ. સરકાર દીકરીઓ માટે વ્હાલી દીકરી યોજના, બેટી બચાવો, બેટી પઢાવો જેવી યોજનાઓ લઈને આવે છે. તેનો લાભ સમાજના દરેક વ્યક્તિએ લઈને આગળ વધવાનો પ્રયત્ન કરવો જોઈએ."

ખેતી બેન્કના ચેરમેન ડોલરભાઈ કોટેચાએ પ્રભુતામાં પગલા પાડનાર નવયુગલ દંપતિઓને સુખી લગ્નજીવન માટે આશીર્વાદ આપ્યા હતા. તેમણે ખેતી બેન્ક તરફથી દીકરીઓને સોનાની ચુની, ચાંદીની ગાય અને તુલસી ક્યારાની ભેટ આપી હતી. સાંસદ દ્વારા આયોજિત નિઃશુલ્ક સમૂહ લગ્નની પહેલના તેમણે ખૂબ વખાણ કર્યા હતા. ખેતી બેન્કના ચેરમેન ડોલરભાઈ કોટેચાએ જણાવ્યું, "સાંસદ સમૂહ લગ્નોત્સવ સમાજમાં એક સકારાત્મક પરિવર્તન લાવતી અને દીકરીઓ માટે નવી સંભાવના ઊભી કરતી અભૂતપૂર્વ પહેલ છે. તે અવિરત ચાલુ રહે તે માટે ખેતી બેન્ક હંમેશા પ્રયત્નશીલ રહેશે. "

આ પ્રસંગે રાજય સરકારના મંત્રી અને સમૂહ લગ્નોત્સવના માર્ગદર્શક ભિખુસિંહ પરમાર,સાબરકાંઠા જિલ્લા પંચાયત પ્રમુખ ભારતીબેન પટેલ તથા અરવલ્લી જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રિયંકાબેન ડામોર,હિંમતનગર વિધાનસભાના ધારાસભ્ય અને સમૂહ લગ્નોત્સવના માર્ગદર્શક વી. ડી ઝાલા,ઈડર વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય રમણલાલ વોરા,કપડવંજ વિધાનસભાના ધારાસભ્ય રાજેશભાઈ ઝાલા,બાયડ વિધાનસભાના ધારાસભ્ય ધવલસિંહ ઝાલા,ખેરાલુ વિધાનસભાના ધારાસભ્ય સરદારભાઈ ચૌધરી,સાબરકાંઠા જિલ્લાના અધ્યક્ષ કનુભાઈ પટેલ, અરવલ્લી જિલ્લાના અધ્યક્ષ રાજેશભાઈ પટેલ,પૂર્વ ધારાસભ્ય મણિભાઈ વાઘેલા તથા અશ્વિનભાઈ કોટવાલ,ખેતી બેંકના ચેરમેન ડોલરભાઈ કોટેચા, અમૂલ ફેડરેશનના ચેરમેન શામળભાઈ પટેલ,પાર્ટીના હોદેદારો,રાજકીય તથા સામાજિક આગેવાનો અને દાતાઓ ઉપસ્થિત રહ્યા હતા.



ચૈત્રી નવરાત્રીની આઠમે ખેતી બેન્કની વડી કચેરીમાં આનંદના ગરબાનું આયોજન







ખેતી બેન્કના ચેરમેન ડો.લરભાઈ કોટેચાના માર્ગદર્શનથી આશ્રમરોડ ખાતે આવેલી ખેતી બેન્કની વડી કચેરીમાં ચૈત્રી નવરાત્રિ અને રામ નવમીની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. ચૈત્રી નવરાત્રીના નવે નવ દિવસ વડી કચેરીના અધિકારીઓ તથા કર્મચારીઓ દ્વારા આરતી અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

5 એપ્રિલના રોજ ચૈત્રી નવરાત્રીની આઠમ નિમિત્તે વડી કચેરી ખાતે અમદાવાદના શ્રી બહુચર આનંદ ગરબા મંડળ વૃંદ રાણીપ દ્વારા આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગમાં બેન્કના કર્મચારીઓ અને અધિકારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ખેતી બેન્ક ખાતે 6 એપ્રિલના રોજ રામનવમીના દિવસે ભગવાન રામચંદ્રજીના જન્મ દિવસની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. ખેતી બેન્કની વડી કચેરીએ સાંજે મહા આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. બેન્કના જનરલ મેનેજર કે.બી પટેલ તથા તેમના ધર્મપત્ની ભગવતીબેને યજમાનપદે રામનવમી પર્વની મહાપૂજા અને સંધ્યા આરતી કરી હતી. આ આરતીમાં ખેતી બેન્કના ચીફ કન્સલ્ટન્ટ ઑફિસર કે.એચ ભટ્ટ, જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર ડૉ. વી.એમ ચૌધરી, વડી કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે બેન્કના પૂર્વ મેનેજિંગ ડિરેક્ટર કે.બી ઉપાધ્યાયે પણ ઉપસ્થિતિ નોંધાવી હતી.

યુટ્યુબ લાઈવના માધ્યમથી વડી કચેરીએ ઉપસ્થિત ન રહી શકનાર કર્મચારીઓ અને અધિકારીઓ પણ આ દિવ્ય પ્રસંગનો હિસ્સો બન્યા હતા.

ખેતી બેન્કની હેડ ઑફિસમાં મહાઆરતી સાથે રામ નવમીની ધામધૂમથી ઉજવણી











ICCના ચેરમેન જય શાહને ફોર્બ્સનો આઈકન ઑફ એક્સેલન્સ એવોર્ડ એનાયત

BCCIના સેક્રેટરી તરીકે ભારતીય ક્રિકેટમાં અનેક સુધારણા લાવ્યા બાદ હવે ICCના સૌથી યુવા વયના ચેરમેન તરીકે જય શાહ વૈશ્વિક સ્તરે ક્રિકેટની લોકપ્રિયતા વધારવા માટે પ્રયત્નશીલ છે.

જય શાહે ભારતમાં મહિલા અને પુરુષ ખેલાડીઓને એક સમાન મેચ ફી આપવાની હિમાયત કરી હતી

વીમેન્સ પ્રિમિયર લીગ (WPL) શરૂ કરીને મહિલા ક્રિકેટને લોકપ્રિયતા અપાવી, સ્થાનિક ક્રિકેટ માટે ઉત્તમ માળખાકીય સુવિધા ઊભી કરવા પ્રયત્ન કર્યા

ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)ના ચેરમેન જય શાહને ફોર્બ્સ ઈન્ડિયા લીડરશીપ એવોર્ડ્સ (FILA 2025)ની 14મી આવૃત્તિમાં પ્રતિષ્ઠિત આઈકન ઑફ એક્સેલન્સ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. તેમણે ક્રિકેટ તથા રમત-ગમત ક્ષેત્રે આપેલા મહત્વપૂર્ણ યોગદાન બદલ તેમને આ સન્માન આપવામાં આવ્યું હતું. તેમના નેતૃત્વમાં ક્રિકેટ ક્ષેત્રે ઘણા પરિવર્તન જોવા મળ્યા છે. તેનાથી આ રમત વૈશ્વિક સ્તરે વધુ પ્રચલિત બની છે.

જય શાહે ફક્ત 36 વર્ષની વયે આઈસીસીના ચેરમેન બનીને સંસ્થાના સૌથી યુવાન ચેરમેન બનવાનો રેકોર્ડ પ્રસ્થાપિત કર્યો છે. તેમણે વૈશ્વિક સ્તરે ક્રિકેટની લોકપ્રિયતા વધારવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવી છે. આ ઉપરાંત આર્થિક દૃષ્ટિકોણથી પણ ક્રિકેટની રમતને મજબૂત બનાવવાના તેમણે પ્રયત્નો હાથ ધર્યા છે. આઈસીસીના ચેરમેન તરીકે તેમણે એવા અનેક સુધારા કર્યા છે જેનાથી ખેલાડીઓ, રમતના ચાહકો અને રમત સાથે જોડાયેલા અન્ય સ્ટેકહોલ્ડર્સને ફાયદો થાય. આ વ્યૂહાત્મક નિર્ણયક્ષમતા અને ભવિષ્યને અનુલક્ષીને લેવાયેલા નિર્ણયોને કારણે આ રમત આજે નવી ઊંચાઈ પર પહોંચી છે.

ઉલ્લેખનીય છે કે જય શાહે ક્રિકેટ ક્ષેત્રે તેમની યાત્રા બીસીસીઆઈ (બોર્ડ ઑફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયા)ના સેક્રેટરી તરીકે કરી હતી. બીસીસીઆઈના સેક્રેટરી તરીકે પણ તેઓ એવા અનેક સુધારા લાવ્યા હતા જેનાથી ભારતીય ક્રિકેટનું સ્તર સુધર્યું હતું. તેમના નેતૃત્વમાં વીમેન્સ પ્રિમિયર લીગ (WPL) જેવી નવી પહેલ હાથ ધરવામાં આવી જેને કારણે ભારતમાં મહિલાઓના ક્રિકેટને ખાસ્સું પ્રોત્સાહન મળ્યું છે. આ ઉપરાંત મહિલા અને પુરુષ ક્રિકેટરોને એક સમાન મેચ ફી મળે તે માટે તેમણે હાકલ કરી હતી. આ ઉપરાંત સ્થાનિક સ્તરે રમાતા ક્રિકેટમાં માળખાકીય સુવિધાઓનું સ્તર સુધારવા તેમણે અનેક પહેલ હાથ ધરી હતી. નેશનલ ક્રિકેટ એકેડમી (એનસીએ)ના આધુનિકીકરણ અને ખેલાડીઓની રમત સુધારવા માટેના પ્રોગ્રામ્સ લોન્ચ કરવા પાછળ તેમની મહત્વની ભૂમિકા રહી છે. હવે આઈસીસીના ચેરમેન તરીકે તેઓ વૈશ્વિક સ્તરે ક્રિકેટની પહોંચ અને લોકપ્રિયતા વધારવા માટે પ્રયત્નશીલ છે. રમતના વિકાસ માટે તેઓ આંતરરાષ્ટ્રીય સ્તરે પાર્ટનરશિપ મજબૂત કરવા માટે પ્રયત્નશીલ છે.





બનાસકાંઠાના ગેનાજી પટેલના નામે વધુમાં વધુ ખેડૂતોને દાડમની ખેતી માટે પ્રેરણા આપવાનો વિક્રમ છે. તેમને ભારત સરકારે પદ્મશ્રીથી સન્માનિત કર્યા છે.



2006થી દાડમની ખેતી કરતા ગેનાજી પટેલના બગીચામાં દાડમના એટલા બધા ફળ આવે છે કે ઝાડને લચી પડતું અટકાવવા વાંસનો ટેકો આપવો પડે છે.

દાદમ દાદા તરીકે જાણીતા પદ્મશ્રી ગેનાજી પટેલે 10 કરોડ દાડમના વૃક્ષ ઉગાડવાની પ્રેરણા આપી

બનાસકાંઠાના લાખણી તાલુકાના સરાકીર ગોળિયા ગામના ખેડૂત ગેનાજી દરગાજી પટેલ 'દાડમ દાદા'ના હુલામણા નામે ઓળખાય છે. તેમણે ગુજરાતના ખેડૂતોને 2017 સુધીમાં 3 કરોડ અને 2025 સુધીમાં 10 કરોડ દાડમના વૃક્ષોના બગીચા તૈયાર કરવાની પ્રેરણા અને માર્ગદર્શન આપ્યું છે. તેમણે બનાસકાંઠામાં દાડમની ખેતીની શરૂઆત કરી ત્યારે દાડમના ઉત્પાદનમાં બનાસકાંઠા અવ્વલ હતો. હવે કચ્છ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લાના ખેડૂતો દાડમના ઉત્પાદનમાં આગળ નીકળી ગયા છે. હળવદ અને મોરબીમાં દાડમના બગીચા જોવા મળી રહ્યા છે. ગુજરાત ઉપરાંત રાજસ્થાનમાં 6.50 કરોડ જેટલા દાડમના વૃક્ષો છે. તેના છોડ રોપવામાં પણ ગેનાભાઈ પટેલે મદદ કરી હતી. ધીરે ધીરે જાલોર, બાડમેર, જોધપુર અને જેસલમેર વિસ્તારમાં દાડમના બગીચા બની ગયા છે. ગેનાજી પટેલે દાડમની ખેતી માટે મધ્યપ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં શિબિર કરીને અનેક ખેડૂતોને માર્ગદર્શન આપ્યું છે.

ખેતર કે પછી દાડમની યુનિવર્સિટી?

પદ્મશ્રી ગેનાજી દરગાજી પટેલ પાંચ હેક્ટર જમીનમાં દાડમની ખેતી કરે છે. પરંતુ એમનું આ ખેતર એક યુનિવર્સિટી જેવું જ છે. તેમાં અત્યાર સુધી 70,000થી 1 લાખ જેટલા ખેડૂતો મુલાકાતે આવી ગયા છે. ગેનાજી પટેલ હંમેશથી દાડમની ખેતી કરે છે. દાડમની ખેતી માટે દેશના સેંકડો ખેડૂતોને પ્રોત્સાહન આપવા બદલે તેમને ભારતનું ઉચ્ચ સન્માન ગણાતો પદ્મશ્રી એવોર્ડ ભારત સરકાર દ્વારા વર્ષ 2017માં એનાયત કરવામાં આવ્યો હતો. ગુજરાત અને રાજસ્થાનમાં 10 કરોડ જેટલા દાડમના વૃક્ષો તૈયાર કરવાનો યશ તેમના ફાળે જાય છે. દેશ ભરમાં આવા દાડમના બગીચા ઉગાડવામાં મદદ કરનાર ગેનાજી દરગાજી પટેલને લોકો 'દાડમ દાદા'ના હુલામણા નામે બોલાવે છે. ગુજરાતમાં શ્રેષ્ઠ ગુણવત્તાના દાડમનું ઉત્પાદન વધારીને દાડમના ભાવ નીચે લાવવામાં દાડમ દાદાની ઘણી મોટી ભૂમિકા છે. દાડમના ક્ષેત્રે તેમણે કોઈ કૃષિ યુનિવર્સિટી જેવું મોટું કામ કરીને બતાવ્યું છે.

ગેનાભાઈની પ્રેરણાથી લાખણી બન્યું દાડમ પંથક



ગેનાભાઈ પટેલે બનાસકાંઠા અને લાખણીના ખેડૂતોને દાડમની ખેતી કરવા પ્રેરણા આપી છે. આથી આજે આ પંથકને દાડમ પંથક તરીકે ઓળખવામાં આવે છે. ગોળિયા ગામ દાડમના ગામ તરીકે આખા રાજ્યમાં પ્રચલિત છે. વેરાન પ્રદેશમાં અને પાણીની તકલીફ વાળા વિસ્તારમાં દાડમની આટલી સરસ ખેતી થઈ શકે તેની કલ્પના થોડા વર્ષો પહેલા કોઈએ નહિ કરી હોય. આમ છતાં ટપક સિંચાઈથી 1500 વીઘા જમીનમાં 150 જેટલા ખેડૂતો દાડમની ખેતી કરે છે અને હેક્ટરે 20થી 22 ટન દાડમ પેદા કરે છે. ગેનાભાઈ પટેલના આ મહત્વપૂર્ણ યોગદાનની કદર સમાજે કરી છે. તેમને અત્યાર સુધીમાં 50થી વધુ એવોર્ડ મળી ચૂક્યા છે. તેમને યુ.કે અને ઈઝરાયલ તરફથી બે આંતરરાષ્ટ્રીય એવોર્ડ પણ મળી ચૂક્યા છે. કોઈ પણ ખેડૂત દાડમની ખેતી કરવા માંગતો હોય તો ગેનાભાઈ ગાડી લઈને મદદ કરવા પહોંચી જાય છે. ગેનાભાઈ પટેલે ફરી પુરવાર કરી દીધું છે કે દૃઢ મનોબળથી ખેડૂત પોતાની અને દેશની સ્થિતિ બદલી શકવા સક્ષમ છે.

દાડમ દાદા દાડમની ખેતી કેવી રીતે કરે છે?

ગેનાજી પટેલ તેમના ખેતરમાં સેન્દ્રીય ખાતર વાપરે છે. વર્મી કંપોસ્ટ દર મહિને આપે છે. તેઓ ગૌ મૂત્ર, ગાયનું છાણ, ગોળ, કઠોળનો લોટ નાખીને પંચામૃત બનાવે છે. આ ખાતર નાખવાથી દાડમનું વૃક્ષ સારું થાય છે અને તેના પર સારી સંખ્યામાં ફૂલ આવે છે. સેન્દ્રીય ખાતર અને પંચામૃતથી ફળ લાલ, ચમકીલા અને મોટા કદના બને છે. દાડમના દાણા અને દાડમની ગુણવત્તા શ્રેષ્ઠ બને છે. પક્ષીઓથી ફળને બચાવવા માટે ગેનાજી પટેલે ખેતરમાં લાંબી ચમકવાળી પટ્ટી લગાવી છે. તેમના વૃક્ષો પર એટલી બધી સંખ્યામાં દાડમ આવે છે કે વૃક્ષને ઊભા રાખવા માટે તેમણે વાંસનો ટેકો આપવો પડે છે. રણ કાંઠો હોવાથી ઝાકળ વધારે આવે છે. વધારે ઝાકળ ફળને કાળા કરીને ઉત્પાદન ઘટાડે છે. આથી તેનાથી પણ ફળને બચાવવા પડે છે. તેઓ દાડમને પક્ષી અને ઝાકળથી બચાવવા માટે કપડું કે પ્લાસ્ટિકની થેલી વીંટાળી દે છે. તેમણે આધુનિક ટેક્નોલોજીને અપનાવીને ખેતરમાં CCTV કેમેરા લગાવ્યા છે. દાડમના બે છોડની લાઈન વચ્ચે ગાડી જાય એટલી જગ્યા રાખી છે જેથી તેઓ ગાડીમાં બેસીને આખા બગીચામાં ફરી શકે છે.

દાડમની ખેતીમાં કેટલી આવક થાય?

વર્ષ 2010માં ખેડૂતોને દાડમના 1 કિલોએ રૂ. 161 જેટલા ભાવ મળતા હતા. પરંતુ આજે ઉત્પાદનમાં સતત વધારો થતા ખેડૂતોને કિલો દીઠ રૂ. 66 જેટલા ભાવ મળે છે. ગેનાજી પટેલે ખેતી શરૂ કરી ત્યારે એક હેક્ટર દીઠ તેમને 9 ટન ઉત્પાદન મળતું હતું જે આજે વધીને 26 ટન થઈ ગયું છે. ખેડૂતોને દાડમની ખેતીમાં અગાઉ હેક્ટર દીઠ રૂ. 14.49 લાખની આવક થતી હતી જે હવે વધીને રૂ. 17.16 લાખ થઈ ગઈ છે. દાડમની ખેતીમાં ખેડૂતોનો સરેરાશ નફો વધીને રૂ. 15.16 લાખ જેટલો થઈ ગયો છે.

પ્લેગથી ખેડૂતો પરેશાન

ગુજરાતમાં દાડમના બગીચામાં ફૂલ ખરી જવાની સમસ્યા અને પ્લેગથી ખેડૂતો પરેશાન છે. તેને કારણે તેમને ઉત્પાદનમાં 30 ટકા નુકસાન વેઠવું પડી રહ્યું છે. આ રોગ ન આવે તો ખેડૂતો હેક્ટર દીઠ 20 ટન ઉત્પાદન કરી શકે છે. દાડમ જ્યારે પાકીને તૈયાર થઈ ગયા હોય ત્યારે 15 દિવસ પહેલા ફળ પર પ્લેગનો મારો થાય છે. તેને કારણે 50 ટકા દાડમ નકામા થઈ જાય છે અને અઠવાડિયામાં સડી જાય છે. ફળ મીઠા થવા માંડે એટલે તેમાં પ્લેગ આવી પડે છે. ફળ જેમ વૃદ્ધ બને તેમ પ્લેગનું જોર વધતું જાય છે. પ્લેગને કારણે ગુજરાતમાં દાડમના 20 ટકા ઉત્પાદનને નુકસાન થઈ રહ્યું છે. ભેજવાળા વાતાવરણમાં પ્લેગનું જોર વધે છે.



આખા ગુજરાતમાં કચ્છમાં સૌથી વધારે બગીચા

આખા ગુજરાતમાં 43,526 હેક્ટરમાં 6.30 લાખ ટન દાડમનું ઉત્પાદન થાય છે. ગુજરાતના ખેડૂતો હેક્ટર દીઠ 14.50 ટન દાડમનું ઉત્પાદન કરે છે. બનાસકાંઠામાં વર્ષ 2023-24માં વાવ, થરાદ, લાખણી અને દિયોદરમાં 12,227 હેક્ટરમાં દાડમના બગીચા પથરાયેલા હતા. આ વિસ્તારમાંથી 2 લાખ ટન દાડમનું ઉત્પાદન થતું હોવાનો અંદાજ ગુજરાતના કૃષિ વિભાગના અધિકારીઓએ માંડ્યો છે. પરંતુ ગુજરાતમાં કચ્છના ખેડૂતોએ દાડમની ખેતીમાં હવે બનાસકાંઠાના ખેડૂતોને પાછળ મૂકી દીધા છે. કચ્છમાં 20,000 હેક્ટરમાં દાડમના બગીચા છે જેમાં 2.80 લાખ ટન દાડમનું ઉત્પાદન થાય છે. મોરબીમાં 4515 હેક્ટરમાં 63,000 ટન અને સુરેન્દ્રનગરમાં 1800 હેક્ટરમાં 18,000 ટન દાડમનું ઉત્પાદન થઈ રહ્યું છે. ગેનાભાઈ પટેલ જણાવે છે, "ખેડૂતને દાડમના એકંદરે રૂ. 80થી 125 પ્રતિ કિલોના ભાવ મળે છે." આમ દાડમની ખેતીમાં ખેડૂતને વળતર સારું મળે છે.





અનેક સંઘર્ષ સામે ઝીંક ઝીલીને કિર્તી મેળવી

જોકે ગેનાજી પટેલની આ યાત્રા અનેક ઉતાર-ચડાવ અને સંઘર્ષથી ભરેલી છે. તેમના બંને પગમાં પોલિયો છે. આ ઉપરાંત તેમનું ગામ વેરાન પ્રદેશમાં આવેલું છે જ્યાં પાણી સરળતાથી ઉપલબ્ધ નથી. આમ છતાં તેમણે કોઠાસૂઝ વાપરીને ટપક સિંચાઈની મદદથી અશક્ય લાગતું કામ કરી બતાવ્યું છે. 12 ધોરણ સુધી ભણેલા ગેનાભાઈ પટેલે 2004માં મહારાષ્ટ્રથી 6000 દાડમના છોડ અને રોપા ખરીદીને વાવ્યા હતા. ચોમાસામાં આવેલા પૂરે તેમની દાડમની ખેતી ખેદાન મેદાન કરી નાંખી હતી. પરંતુ વિપરીત સંજોગોમાં હિંમત હાર્યા વિના તેઓ સતત દાડમની ખેતી કરતા રહ્યા છે. તેઓ દાડમના વૃક્ષને સેન્દ્રિય જૈવિક ખાતર જ આપતા હોવાથી તેનું ફળ લાલ, ચમકદાર, મોટા કદનું અને ગુણવત્તાસભર બને છે. ડિસેમ્બર મહિનામાં કર્ણાટક, આંધ્રપ્રદેશ, પંજાબ અને મહારાષ્ટ્રથી ખેડૂતો તેમના દાડમ ખરીદવા આવે છે. દાડમની સફળ ખેતી બદલ તેમને અનેક પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા છે. તેમણે 2013માં IIM-અમદાવાદ (ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઑફ મેનેજમેન્ટ)માં પ્રવચન પણ આપ્યું હતું. તેમણે દાડમની ખેતીની દિશા બતાવીને 1 લાખ જેટલા ખેડૂતોની જીવનની દિશા અને આર્થિક પરિસ્થિતિ બદલી નાંખી છે.







ગુજરાતમાં પ્રચલિત બની રહી છે શક્કરિયાની ખેતી

1 શક્કરિયાની ખેતીમાં ખેડા જિલ્લા મોખરે, ખંભાતની જમીન શક્કરિયા ઉગાડવા માટે સર્વશ્રેષ્ઠ છે.

2 ગોધરાના શક્કરિયા ખૂબ મીઠા હોવાથી ઊંધિયુ બનાવવા માટે તેની ઊંચી માંગ છે અને ખેડૂતોને ભાવ પણ સારા મળે છે.

3 રાસાયણિક ખાતરનો ઉપયોગ ન થતો હોય તેવી જમીનમાં પાકતા શક્કરિયા સ્વાદમાં વધારે મીઠા હોય છે.

બટાકા કરતા વધુ ગુણકારી અને બટાકાની અવેજીમાં અનેક વાનગીઓમાં વપરાતા શક્કરિયાની ખેતી ગુજરાતમાં પ્રચલિત બની રહી છે. શક્કરિયાને અંગ્રેજીમાં 'સ્વીટ પોટેટો' કહેવાય છે કારણ કે તે સ્વાદમાં મીઠા અને બટેટા જેવા હોય છે. ગુજરાતના પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના જાલીયા ગામના ખેડૂતો વિશેષ મીઠાશ ધરાવતા શક્કરિયા પકવવા માટે પ્રખ્યાત છે. તેઓ હેક્ટર દીઠ અંદાજે 15 ટન શક્કરિયા પેદા કરે છે. તેની શ્રેષ્ઠ મીઠાશને કારણે ઊંધિયુ બનાવવા માટે તેની ઘણી માંગ છે અને ખેડૂતોને સારા ભાવ મળે છે.

ગોધરાના ખેડૂતો છાણિયા ખાતરનો ઉપયોગ કરીને રેસા વગરના અને સ્વાદમાં મીઠા શક્કરિયા ઉગાડે છે. છેલ્લા 10 વર્ષથી તેમણે રાસાયણિક ખાતરનો ઉપયોગ કર્યો નથી. તેના બદલે અળસિયા અને છાણના ખાતરના ભરપૂર ઉપયોગથી તેઓ સજીવ જમીનમાં શક્કરિયા ઉગાડી રહ્યા છે. જો કે તેમની હેક્ટરદીઠ ઉત્પાદકતા વધારવા માટે પ્રયત્નો જરૂરી છે. ખેડામાં ગોધરા કરતા શક્કરિયાની બમણી ઉત્પાદકતા જોવા મળે છે. ત્યાં એક હેક્ટરે 23 ટન શક્કરિયાનું ઉત્પાદન થાય છે.

શક્કરિયાની ખેતીમાં જો પાણી અને સિંચાઈ પૂરતા પ્રમાણમાં મળી રહે તો એક હેક્ટર દીઠ 15 ટન જેટલું ઉત્પાદન મેળવી શકાય છે. હા, આ મીઠું કંદ જંગલી ભૂંડને ખૂબ ભાવે છે. આથી શક્કરિયાના ખેતરમાં રાત્રે જંગલી ભૂંડના ટોળા આવવાની સંભાવના વધી જાય છે. તેઓ જમીન ખોદીને શક્કરિયા ખાય છે. આથી તેનાથી શક્કરિયાના પાકને બચાવવા જરૂરી પગલા લેવા જોઈએ.

નવસારી કૃષિ વિશ્વવિદ્યાલયે વિકસાવેલી શક્કરિયાની જાતઃ

નવસારી કૃષિ વિશ્વવિદ્યાલયે શક્કરિયાની બે જાતો કલેક્શન- 71 અને ક્રોસ-4 શોધી કાઢી છે. દક્ષિણ ગુજરાત વિસ્તારના ખેડૂતો વાવેતર માટે તેનો ઉપયોગ કરે છે અને તેમને સારી સફળતા મળી છે. નવસારી કૃષિ વિશ્વવિદ્યાલયે વિકસાવેલી આ જાતની છાલનો રંગ લાલ હોય છે અને એક હેક્ટરે 28,000 કિલો (28 ટન) જેટલું ઉત્પાદન મળે છે. કલેક્શન-71ની છાલ લાલ રંગની અને માવો સફેદ રંગનો હોય છે. ક્રોસ-4 જાતનું ઉત્પાદન હેક્ટર દીઠ 32,000 કિલો (32 ટન) જેટલું મળે છે. આ જાતના કંદની છાલ સફેદ રંગની હોય છે અને તેનો માવો પણ માખણ જેવો સફેદ રંગનો હોય છે.

આ ઉપરાંત શક્કરિયાની અન્ય એક પ્રચલિત જાત પુસા છે. પુસા સુનહરી જાતના શક્કરિયા લાંબા અને બદામી રંગની છાલ વાળા હોય છે. તેને બાફવામાં આવે તો છાલનો રંગ બદલાઈને આછો નારંગી થઈ જાય છે. પુસા સફેદનો સ્વાદ મીઠો હોય છે. પુસા સુનેહરીનો રંગ પીળાશ પડતો નારંગી હોય છે. પુસા લાલની છાલ લાલ રંગની અને માવો સફેદ રંગનો હોય છે. આ ઉપરાંત પુસા ભારતી, પુસા હરિત, કિસાન, કાલમેઘ, કોંકણ અશ્વિની, શ્રી નંદિની, શ્રી વર્ષિની, શ્રી રેથના, શ્રી અરૂણ, શ્રી વરૂણ, શ્રી કનકા, શ્રી ધરા, વીએલ શકકરકંદ - 6, રાજેન્દ્ર શકકરકંદ રાષ્ટ્રીય કક્ષાની શક્કરિયાની જાતો છે. જે ગુજરાતના ખેડૂતો વાવી શકે છે. આ ઉપરાંત શક્કરિયાની એક ટ્રાન્સજેનિક જાત જવેલ પણ પ્રચલિત છે.

શક્કરિયાના ઉત્પાદનમાં ગુજરાતના ટોચના વિસ્તાર

ખેડા	60006 હેક્ટર	157597 ઉત્પાદન (ટન)	26.24 હેક્ટર દીઠ ઉત્પાદકતા
આણંદ	762 હેક્ટર	14356 ઉત્પાદન (ટન)	18.84 હેક્ટર દીઠ ઉત્પાદકતા
વલસાડ	475 હેક્ટર	5776 ઉત્પાદન (ટન)	12.16 હેક્ટર દીઠ ઉત્પાદકતા
ભરૂચ	415 હેક્ટર	8607 ઉત્પાદન (ટન)	20 હેક્ટર દીઠ ઉત્પાદકતા
સોમનાથ	255 હેક્ટર	3307 ઉત્પાદન (ટન)	12.97 હેક્ટર દીઠ ઉત્પાદકતા

જામનગરમાં હેક્ટર દીઠ 30.75 ટન પાકે છે. સાબરકાંઠામાં હેક્ટરે 29.32 ટન ઉત્પાદન થાય છે. ગાંધીનગરમાં 25 ટન, મહિસાગરમાં 25 ટન પાકે છે જે ખેડા જેટલી જ ઉત્પાદકતા હોવા છતાં આ વિસ્તારમાં ખેડૂતો શક્કરિયાને મુખ્ય પાક તરીકે લેવાનું પસંદ કરતા નથી.

ભારતમાં શક્કરિયાનું ઉત્પાદન

2017-18માં ભારતમાં 1,34,000 હેક્ટરમાં 15,03,000 ટન ઉત્પાદન મળ્યું હતું. 2021માં 1,50,000 હેક્ટર વિસ્તારમાં શક્કરિયાનું વાવેતર કરાયું હતું. છેલ્લા બે દાયકામાં ભારતમાં શક્કરિયાનું ઉત્પાદન અને વાવેતર ઘટી રહ્યું છે. જો કે ખેતી કરવાની અત્યાધુનિક પદ્ધતિઓને કારણે શક્કરિયાના હેક્ટરદીઠ ઉત્પાદનમાં વધારો થયો છે. 1996માં હેક્ટરે 9092 કિલો શક્કરિયા પાકતાં હતા જે 2017-18માં હેક્ટરે વધીને 11201 કિલો થઈ ગયા હતા. આ એક એવો પાક છે જે પાણીની તંગી ઝીલી લે છે. સમગ્ર વિશ્વમાં ચીન શક્કરિયાની ખેતીમાં 25 મિલિયન ટન ઉત્પાદન સાથે અગ્રેસર છે. ભારત 1.29 મિલિયન ટન ઉત્પાદન સાથે છઠ્ઠા ક્રમે આવે છે. વિશ્વમાં અંદાજે 8.7 મિલિયન હેક્ટર વિસ્તારમાં શક્કરિયાનું 130 મિલિયન ટન ઉત્પાદન થાય છે.





શક્કરિયાની ખેતી કેવી રીતે કરી શકાય?

શક્કરિયાનું વાવેતર શિયાળા અને ચોમાસા એમ બંને ઋતુમાં થાય છે. શિયાળુ વાવેતર ઓક્ટોબર-નવેમ્બર મહિનામાં થાય છે જ્યારે ચોમાસાનું વાવેતર જૂન-જુલાઈ મહિનામાં થાય છે. શક્કરિયા ઉગાડવા માટે હેક્ટર દીઠ 10થી 15 ટન છાણિયું ખાતર નાંખવું પડે છે. જો જૈવિક ખાતરનો ઉપયોગ કરવામાં આવે તો રાસાયણિક ખાતરના ઉપયોગ વિના મધ જેવા મીઠા શક્કરિયા ઉગાડી શકાય છે.

જમીનઃ શક્કરિયાની ખેતી માટે ગોરાળુ જમીન અનુકૂળ છે. જમીન વધારે ફળદ્રુપ હોય તો તેમાં વનસ્પતિની વૃદ્ધિ સારી થાય છે પરંતુ કંદની વૃદ્ધિ ઓછી થાય છે. શક્કરિયા માટે જમીનનું Ph સ્તર 5.8થી 6.8 વચ્ચે હોવું જોઈએ. શક્કરિયાના મૂળ જમીનમાં 120થી 180 સેમી. જેટલા ઊંડા જાય છે. 60 દિવસ પછી વેલાની ટોચનો 15 સે.મી. ભાગને કાપી તેનો ઉપયોગ ઢોરના ચારા તરીકે કરી શકાય છે. તેના વેલા પર દિવેલીના ડોડવા જેવા ત્રિકોણ આકારના પાન અને ફળ આવે છે. શક્કરિયાનો પાક શુષ્ક હવામાન અને પાણીની અછતનો પ્રતિકાર પણ કરી શકે છે. ચોમાસામાં તેની ખેતી સૌથી વધુ લાભદાયક રહે છે. આ સીઝનમાં તેના છોડ વધુ સારી રીતે વિકસી શકે છે. આ છોડની વૃદ્ધિ માટે 25થી 34 ડિગ્રી સુધીનું તાપમાન ઉત્તમ ગણાય છે.

આ પાક ગાંઠો પર મૂળ બનાવે છે. મૂળ એટલે કે કંદને શાકભાજી તરીકે વાપરવામાં આવે છે. શક્કરિયા એટલે કે સ્વીટ પોટેટોની વિશ્વમાં 50 જાતિઓ અને 1 હજાર પ્રજાતિ છે. ગુજરાતમાં 12 પ્રકારના હાઈબ્રિડ વેલા છે. આ બારમાસી ઔષધીય વેલ છે. શક્કરિયાના ફૂલો સૂર્યોદય પહેલા ખૂલે છે અને થોડા કલાકો પછી સવારે તેઓ ફરી બંધ થઈ જાય છે. આ ફૂલોનો રંગ વિવિધ પ્રજાતિઓમાં પીળો, નારંગી, લાલ, ભૂરો અને જાંબલી જોવા મળે છે. શક્કરિયાનું ઉત્પાદન વધારવા માટે થડ પાસે માટી ચઢાવવી પડે છે. 30 દિવસે વેલાની ફેરવણી કરવામાં આવે તો ઉત્પાદન સારું મળે છે.



પોષકતત્વોથી ભરપૂર શક્કરિયાઃ

શક્કરિયાના કંદમાં સ્ટાર્ચ 27થી 30 ટકા, શર્કરા તથા વિટામીન એ, બી અને સી ભરપૂર માત્રામાં રહેલા હોય છે. તેના પીળા અને નારંગી રંગના ગરવાળા કંદમાં કેરોટિનનું પ્રમાણ વધારે હોય છે.

શક્કરિયામાં કાર્બોહાઈડ્રેટ્સ તથા કેલરી પુષ્કળ પ્રમાણમાં મળે છે. શક્કરિયામાં વિટામિન A, C અને B5 જેવા મહત્વપૂર્ણ વિટામિન અને કોપર અને પોટેશિયમ જેવા ઘણા જરૂરી ખનીજો હોય છે. શક્કરિયાનો ઉપયોગ કંદ તરીકે ખાવા માટે, સ્ટાર્ચ તથા આલ્કોહોલ બનાવવા માટે થાય છે. ખેડૂતો તેનું મૂલ્યવર્ધન કરતા શીખીને વધારાની આવક ઊભી કરી શકે છે. શક્કરિયા એ બારમાસી કંદ છે.





શક્કરિયામાં મજૂરીનો ખર્ચ બચાવવા શોધી નવી રીત

મહેસાણાનાં માથાસુર ગામના ખેડૂત સંજયભાઈ પાંચાભાઈ રાવળે ખેતરની માટીમાંથી શક્કરિયા બહાર કાઢવા માટે ટ્રેક્ટરમાં પલાવ બનાવી અને શક્કરિયા કાઢવાની રીત શોધી કાઢી છે. આ રીતથી 1 વીઘામાંથી માત્ર 3 કલાકમાં જ શક્કરિયા નિકળી જાય છે અને મજૂરી ખર્ચ 70 ટકા બચી જાય છે.

ગુજરાતમાં શક્કરિયાની ખેતી



મહેસાણા

મહેસાણા જિલ્લાના ચલુવા ગામમાં લગભગ 200 ખેડૂતો વસે છે જેમાંથી 90 ટકા ખેડૂતો છેલ્લા 40 વર્ષથી શક્કરિયાની ખેતી કરે છે. તેઓ 1000 વીઘા જમીનમાં શક્કરિયા વાવે છે. તેઓ ખેતી ઉપરાંત પૂરક વ્યવસાય તરીકે પશુપાલન કરતા હોવાથી શક્કરિયાના વેલા પશુઓને ચારા તરીકે આપે છે. તેમને એક વીઘા જમીનમાં રૂ. 15,000નો ખર્ચ થાય છે. ખેતરના ભાડા અને મજૂરી સાથે કુલ 40,000નું ખર્ચ થાય છે. તેની સામે રૂ. 70,000 જેવી આવક થાય છે. શક્કરિયા રૂ. 20થી 30 કિલોના ભાવે બજારમાં વેચાય છે.

મહેસાણા જિલ્લામાં કડી તાલુકાના માથાસુર ગામના ખેડૂત ભરતભાઈ પરસોતમભાઈ પટેલ 350 વીઘામાં વર્ષોથી શક્કરિયાની ખેતી કરે છે. પ્રાકૃતિક ઢબે જીવામૃત, ઘન જીવામૃત વાપરે છે. એક વીઘામાં 200 થી 250 મણ ઉત્પાદન થાય છે. એક મણ શક્કરિયા ભાવ માર્કેટમાં રૂ. 300 થી 320 સુધી મળી શકે છે. રૂ.18000 રૂપિયાના ખર્ચ સામે રૂ. 90,000 જેટલું વેચાણ છે. નંદાસણ નજીકના માથાસુર, કૈયલ, આણંદપુરા, વડુ ગામના 100થી વધુ ખેડૂતો 400થી વધુ વીઘામાં શક્કરિયાની ખેતી કરે છે.

આણંદ

આ ણં દ ના બો રી આ વી ગા મ ના ના ખેડૂત દેવેશ પટેલ 20 વીઘાંમાં શક્કરિયા અને બટેટાની ખેતી કરીને તેની ચિપ્સ બનાવીને વેચે છે. તેમની દરેક પ્રોડક્ટ FSSAIથી પ્રમાણિત છે. સેન્દ્રિય ખેતીના કારણે કંદની ચમક સારી આવે છે.

ખંભાત

ખંભાતના શક્કરિયાની ભારે માંગ છે. આસપાસના વત્રા, ઉદેલ, નાના કલોદરા, સાલણા સહિત 13 ગામોમાં 900 એકર ખેતરોમાં શક્કરિયાની ખેતી થાય છે. અહીંની જમીન શક્કરિયા માટે શ્રેષ્ઠ છે. શક્કરિયા માટે આવી જમીન ગુજરાતમાં બીજે ક્યાંય નથી. ખંભાત તાલુકાના પોપટપુરાના ખેડૂત રમેશભાઈ પટેલ 40 વર્ષથી 10 વીઘા જમીનમાં શક્કરિયાની ખેતી કરે છે. બે દશકા પહેલા વીઘે 400 મણ શક્કરિયા થતાં હતા. વચ્ચે કૃષિ ઉત્પાદન ઘટીને 100 મણ જેટલું થઈ ગયું હતું. તેઓ અગાઉ અંજાર જાત જ વાવતા હતા જેને તૈયાર થતા 150 દિવસનો સમય લાગતો હતો. હવે સી- 71 જાત 90 દિવસમાં ઉત્પાદન આપતી હોવાથી તે વાવે છે. ખંભાતના ઉદેલના ખેડૂત ભૂપેન્દ્રભાઈ વીઘે 250 મણ જેટલું ઉત્પાદન લેતા હતા. કૃષિ સંશોધન કેન્દ્રોની મદદથી સુધારેલી જાતનું વાવેતર કરવાથી વીઘાએ 400 મણનું ઉત્પાદન લે છે. ખંભાત પંથકના શક્કરીયા સુરત, ભરૂચ અને મુંબઈ સુધી જાય છે.



ગુજરાતમાં શક્કરિયાના ઉત્પાદનમાં ખેડા અગ્રેસરઃ

ગુજરાત રાજ્યમાં શાકભાજી પાકો હેઠળનો કુલ વાવેતર વિસ્તાર 8,26,000 હેકટર છે. તેમાં અંદાજે 1 કરોડ 67 હજાર ટન ઉત્પાદન મળે છે. તમામ પ્રકારના શાકનું સરેરાશ હેકટર દીઠ ઉત્પાદન 20 ટન જેટલું હોય છે પરંતુ ખેડા જિલ્લામાં શક્કરિયાનું હેક્ટર દીઠ ઉત્પાદન 26 જેટલું છે. ગુજરાતમાં શક્કરિયાનું સૌથી વધારે વાવેતર ખેડા જિલ્લામાં થાય છે. જ્યારે આણંદ બીજા ક્રમે આવે છે.

શક્કરિયામાં રોગ

શક્કરિયામાં પાન ખાનારી ઈયળ, લડો, કાળો સડો અને ચાંચવું વગેરે જીવાતનો ઉપદ્રવ જોવા મળે છે. તે છૂપી રીતે વેલા કે કંદમાં કાણા કરીને નુકસાન કરે છે. જો ધ્યાન આપવામાં ન આવે તો રોગને કારણે પાક 100 ટકા નિષ્ફળ જાય છે. શક્કરિયાની ખેતીમાં રિમોટ સેન્સિંગ જેવી અત્યાધુનિક ટેક્નોલોજી મદદરૂપ બની શકે છે. પાક નિષ્ફળ જતો હોય તો પ્રારંભિક તબક્કે જાણી શકાય છે. તેને અટકાવવા માટે ખેડૂતો સમયસર પગલા ભરીને નુકસાન થતું અટકાવી શકે છે.



ભાવજત સાથે મરચાંની ખેતી કરીને ખેડૂતો સારામાં સારી રોકડી આવક કરી શકે



મરચાંની ખેતી પણ એક સારો વિકલ્પ છે. કુદરતનો સાથ મળી જાય અને કોઈ અણધારી ઘટના ન બને તો તેમાંથી પણ સારી કમાણી કરી શકાય છે. આમ તો મરચાંની ખેતી રોકડિયો પાક જ ગણાય છે. મરચાંની ખેતી દરેક પ્રકારની જમીનમાં થઈ શકે છે. દરેક સીઝનમાં મરચાંની ખેતી થઈ શકે છે. એક એકર જમીનમાં મરચાંની ખેતી કરવા માટે 80થી 10 ગ્રામ બિયારણની જરૂર પડે છે. સો ગ્રામ બિયારણનો અંદાજે રૂ. 6400નો ખર્ચ આવે છે. દક્ષિણ ગુજરાતમાં લીલા રંગના ટૂંકા, પાતળા, કઠણ અ ખૂબ જ તીખા ગણાતા લવિંગીયા મરચાંની ખેતી કરવામાં આવે છે. લવિંગીયા મરચાં શાકમાં મસાલા તરીકે, ચટણીમાં સ્વાદ લાવવા માટે ઉમેરવામાં આવે છે. ઉત્તર ગુજરાતમાં તીખાં અને લાલ રેશમપટ્ટી તરીકે ઓળખાતા મરચાંનું ખાસ્સું વાવેતર થાય છે. મરચાંની ત્રણેક વીણાટ કર્યા પછી મરચાંને છોડ પર જ લાલ થવા દઈ સૂકવી નાખવાનો પણ વિકલ્પ પણ ખેડૂતો માટે મોજૂદ છે. લીલાં મરચાંને સૂકવી લાલ થવા દઈને તેમાંથી મરચાંનો પાવડર બનાવીને તે વેચી શકાય છે. આ મૂલ્ય વૃદ્ધિ ક્વોલિટીની જાળવણી સાથે કરવામાં આવે તો તેને પરિણામે ખેડૂતોને સારી આવક થઈ શકે છે. મરચાં કરતાં મરચાંના પાવડરનું મૂલ્ય ખાસ્સું ઊંચું છે. તેથી ખેડૂતો સાથે મળીને સહકારી ધોરણે મરચાંના મૂલ્ય વૃદ્ધિ કરવા માટેનું એકમ સ્થાપવાનું આયોજન કરી શકે છે. તેને માટે જરૂર જણાય તો એફપીઓ-ફાર્મર્સ પ્રોડ્યુસર્સ ઓર્ગેનાઈઝેશન કે પછી પ્રાથમિક કૃષિ સહકારી મંડળીની રચના કરી શકે છે. તેના માધ્યમથી મૂલ્ય વૃદ્ધિ કરવાનું આયોજન કરી શકે છે.

મરચાંની ખેતી કરવા માટે નિતારવાળી-ગોરાડું, મધ્યમ કાળી કે ભાઠાંની જમીનમાં થઈ શકે છે. મરચાં માટે ધરુ રોપતાં પહેલા જમીનને ઊંડેથી ખેડી નાખવી જોઈએ. ઢેફાં ભાંગીને નિંદામણને અલગ કાઢી નાખવું જોઈએ. એક એકર જમીનમાં 20થી 25 ટન છાણિયું ખાતર નાખી શકાય છે. ખાતર નાખી દીધા બાદ જમીનને સમતળ બનાવી દેવાની રહે છે. ખાતરના વિકલ્પે ગાયના ગોબરને પાણીમાં ભેળવી લિક્વિડ પ્યોરી બનાવીને આખા ખાતેરમાં તેનો છંટકાવ કરી શકે છે. ત્યારબાદ તેમાં બીજની વાવણી કરી શકાય છે. બીજની વાવણી કર્યા પછી 10થી 15 દિવસે અને ઊનાળાની તીવ્ર ગરમીમાં સાત દિવસે પાણી આપવું જરૂરી છે. નિંદામણ ન વધે તેના પર નજર રાખવી જરૂરી છે. નિંદામણ ન વધે તે માટે વચ્ચે લસણ અને ડુંગળીનો પાક પણ લઈ શકાય છે. ખેતરમાં બેથી ત્રણ ઊભી અથવા આડી આંતરખેડ કરવાથી નિંદામણ વધતી નથી. આંતરખેડ કર્યા પછી મરચીના છોડના થળ ફરતે પાળા ચઢાવી દેવાથી છોડ ઢળી પડશે નહિ.

જમીન પર ગાયના ગોબરનું થર કરી દઈને જમીનને કુદરતી બેક્ટરિયા વિકસવા માટેનો માહોલ ઊભો કરી દેવો જરૂરી છે. તેવી જ રીતે રાસાયણિક ખાતર ન નાખીને તમને ખેડૂત અને પાકના મિત્ર ગણાતા તથા જમીનની ફળદ્રુપતા વધારતા અળસિયા પણ સક્રિય બનીને જમીનની સપાટી પર આવી જાય છે. રાસાયણિક ખાતરનો ઉપયોગ કરવાથી પાકને ઉપયોગી અનેક બેક્ટેરિયા મરી જાય છે. તેમ જ અળસિયા પણ જમીનની સપાટી છોડીને જમીનની અંદર ઊંડા ઉતરી જાય છે. જમીન કઠણ બની જાય છે. જ્યારે કુદરતી ખાતર વાપરવાથી જમીન પોચી અને છિદ્રાળુ બને છે. તેમાં હવાની અવરજવર થઈ શકે છે. તેમ જ તે જમીનમાં પાણીનો સંચય-સંગ્રહ પણ સારો થઈ શકે છે.

જમીનને વધુ ફળદ્રુપ બનાવવા માટે ગાયના ગોબરના થર પર ગૌ કૃપા અમૃતમ કે ગૌઅમૃતમનો છંટકાવ કરી શકાય છે. પોતાને ત્યાં ગાય ન હોય







એક એકર જમીનમાં મરચાંની ખેતી કરવા 80થી 100 ગ્રામ બિયારણ માટે રૂ. 6400નો ખર્ચ કરવો પડી શકે

બીજની વાવણી કર્યા પછી 10થી 15 દિવસે અને ઊનાળાની તીવ્ર ગરમીમાં સાત દિવસે પાણી આપવું જરૂરી

તો તેને માટે રૂ. 5000ની આસપાસનો ખર્ચ થઈ જાય છે. તેમ કરવાથી જમીનમાં પાકને ઉપયોગી બેક્ટેરિયાની સંખ્યા વધતી જાય છે. કેટલાક બેક્ટેરિયા તો હવામાંથી નાઈટ્રોજન ખેંચીને છોડને પૂરો પાડવાની કામગીરી કરે છે. તે પણ છોડ ડાયજેસ્ટ કરી શકે તે સ્વરૂપમાં નાઈટ્રોજનનું રૂપાંતર કરીને આપે છે. પાકની ઉપજ વધારવામાં તે મદદરૂપ બની શકે છે. હા, ખેતી સાતે તમે જ પશુપાલન કરીને ગાય ઉછેરતા હોવ તો તમારે છાણિયા ખાતર માટે કે જીવામૃત બનાવવા માટે થોડી વધુ મહેનત કરવી પડી શકે છે. પરંતુ તેનો અલગથી ખર્ચ કરવો પડતો નતી. મરચાંના ખેતરમાં રાસાયણિક ખાતર નાખવામાં આવે તો તેના પર અદાજે રૂ. 4000થી રૂ. 5000ના મૂલ્યના રાસાયણિક ખાતરનો છંટકાવ કરવાનો આવે છે. મરચાંના પાક પર જંતુનાશક દવાનો છંટકાવ કરવો પણ જરૂરી છે. આમ ખાતર-દવાનો મળીને તથા અન્ય ખર્ચ મળીને કુલ અંદાજે રૂ. 15000થી 18000નો ખર્ચ આવી જાય છે. કુદરતી ખાતર કે જીવામૃતનો ઉપયોગ કરવાથી આ ખર્ચ 50 ટકા ઓછો થઈ શકે છે. મરચીના છોડના ધરુ રોપવા માટેની મજૂરી પેટે રૂ. 2000નો ખર્ચ આવી શકે છે.

મરચીના ખેતરમાં મલ્ચિંગ પેપર લગાડવાનો ખર્ચ રૂ. 16000થી 18000નો થઈ શકે છે. તેના વિકલ્પ ઝાડના ખરી પડેલા પાનનો ઢગલો મરચીના છોડની આસપાસ કરીને તેની પાસે મલ્ચિંગનું કામ લઈ શકાય છે. વૃક્ષના ખરી પડેલા પાનનો ઢગલો મરચીના છોડના મૂળની આસપાસની જમીન પર કરી દેવામાં આવે તો તે કુદરતી મલ્ચિંગનું કામ કરશે. સમય જતાં તે જ પાંદડાં જમીનમાં ભળીને ખાતર તરીકે પણ ઉપયોગી સાબિત થશે.

મરચીના બીજની વાવણી ને ધરુની રોપણીની પ્રક્રિયા પૂરી થતાં 65થી 70 દિવસે છોડ પર મરચાં ઉગવા માંડે છે. 70 દિવસ બાદ મરચાં વીણવાની કામગીરીનો આરંભ થાય છે. શિયાળામાં દર દસ દિવસે અને ઊનાળામાં દર 12થી 15 દિવસે વીણી કરવાની આવે છે. આમ એક સીઝનમાં કુલ 10થી 12 વીણી થાય છે.

કેટલાક ખેડૂતો મરચાંમાંથી પાવડર બનાવીને મૂલ્ય વૃદ્ધિ કરીને વેચવા માટે છોડ પર જ મરચાંના લાલ થઈ જવા દેવાના કે સૂકા થઈ જવા દેવાના વિકલ્પને પણ પસંદ કરે છે. હા, તે પહેલા ત્રણથી ચાર વીણાટ કરી દેવી જરૂરી છે. મરચાંને વીણી લઈને મરચાંના ખળામાં તડકો લાગવા દઈને પણ સૂકવવામાં આવે છે. મરચાં પૂરેપૂરા સૂકાય નહિ ત્યાં સુધી તેને ખળામાં દિવસ દરમિયાન એકથી બે વાર ઉપર નીચે કરવા જરૂરી છે. દરરોજ સાંજે તે મરચાંનો ઢગલો કરીને તેના પર તાડપત્રી ઢાંકી દેવી જરૂરી છે. મરચાં સૂકાઈ ગયા પછી તેને એક કોથળામાં ભરી દેવાની રહે છે.

મરચાં વીણવા સહિતના કામ માટે અંદાજે એક એકરે રૂ. 12000ની આસપાસનો ખર્ચ આવી શકે છે. મરચાં ખેતરથી માર્કેટ સુધી લઈ જવા માટેનો ખર્ચ રૂ. 4000ની આસપાસનો ગણી લેવો જોઈએ. કુલ ખર્ચ રૂ. 60000થી રૂ. 75,000નો આવી શકે છે. પ્રાકૃતિક ખેતી કરવામાં આ ખર્ચ રૂ. 40,000થી પણ નીચે રહેવાની શક્યતા રહેલી છે. તેમાં ખાસ કરીને મજૂરીનો અને ટ્રાન્સપોર્ટેશનો જ ખર્ચ આવે છે.

મરચાની જાતની વાત કરવામાં આવે તો 118 એસ-49, જી-4, પુસા જ્વાલા, પુચા સદાબહાર, જીવીસી-101, જીવીસી-121, જીવીસી-131 તરીકે ઓળખાતી મરચાંની જાતની ખેતી કરવામાં આવે છે. ગુજરાતના આણંદ જિલ્લામાં સંકર મરચાં-1નું ખાસ્સું વાવેતર કરવામાં આવે છે. એપ્રિલમાં ઘઉંની લણણી કર્યા બાદ ખેડૂતો નવો પાક લેવાની



તૈયારી શરૂ કરી દે છે. ત્યારે ઉનાળામાં મરચાંની ખેતી વધુ સારો વિકલ્પ છે. તે રોકડિયા પાક છે. કૃષિ વિજ્ઞાનીઓ પણ સ્વીકારે છ કે મરચાંનો પાક રોકડિયો પાક છે. મરચાંની ખેતી કરીને ખેડૂતો સામાન્ય ખેતી કરતાં વધુ નફો કમાઈ શકે છે. આમ તો મરચાંના પાક માટે 25 થી 35 ડિગ્રી સેલ્સિયસ યોગ્ય તાપમાન માનવામાં આવે છે. પરંતુ આકરી ગરમીમાં તાપમાન 40 થી 45 ડિગ્રી સુધી પહોંચી જાય તો પણ મરચાંનો છોડ ટકી શકે છે. તેને થોડા વધુ પાણીની જરૂર પડે છે. જોકે ખેડૂતોએ ગરમીમાં પણ ટકી શકે તેવા બિયારણની પસંદગી કરવું જોઈએ. હવે બિયારણ પણ ક્લાઈમેટ ચેન્જને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવે છે. ગરમી વધારે હોય ત્યાં ખેડૂતો તેમના ખેતરોમાં કાશી અનમોલ, કાશી સિંદૂરી અથવા મગધીરાના હાઇબ્રિડ મરચાંના બીજની વાવણી કરી શકે છે. આ બીજ પણ સારો પાક આપે છે. આ બીજ એક એકરમાં સરેરાશ 100 થી 120 ક્વિન્ટલ ઉપજ આપવા સક્ષમ છે. દેશી બિયારણમાં અંદાજે 70-75 ક્વિન્ટલ ઉપજ મળે છે. હાઈબ્રિડ કરતાં દેશી મરચાંનો સ્વાદ જીભને વધુ ભાવે છે. દેશી મરચાં અને તેના મરચાંના પાવડરની બજારોમાં તેની માંગ પણ વધુ હોય છે. દેશી ભાષામાં તેને મરચાં ભૂકી તરીકે ઓળખાવવામાં આવે છે.

એક હેક્ટર જમીનમાં મરચાંની ખેતી કરવા માટે 100 ચોરસ મીટર જમીનમાં ધરુ વાડિયું બનાવવું જોઈએ. ધરુવાડિયાની જમીન ઊંડી ખેડીને તપવા દેવી જરૂરી છે. એક ગુંઠા વિસ્તારમાં એક ક્વિન્ટલ એટલે કે 100 કિલો સારુ કોહવાયેલું

ખેતીની સાથે જ પશુપાલન કરવામાં આપે તો છાણિયું ખાતર મફતમાં મળી રહે છે, એક ગાય દરરોજ 10થી 12 કિલો છાણ આપે છે. છાણમાં પાણી ઉમેરીને આખા ખેતરમાં પાથરીને જમીનને વધુ ફળદ્રુપ બનાવી શકાય

છાણિયું ખાતર નાખવું જોઈએ. આ ખાતર જમીનમાં ભેળવી દેવું જોઈએ. ત્યારબાદ તેના 3થી 4 મીટર લાંબા, એક મીટર પહોળા અને 6 ઈંચ ઊંચાઈની ગાદી બનાવવી જોઈએ. ગાદીમાં 10 સેન્ટીમીટરના અંતરે બીજનું વાવેતર કરી દેવું જોઈએ. બીજને ઝીણી માટીથી દાબી દેવું જોઈએ. બીજનું વાવેતર કરતાં પહેલા તેને ગૌમૂત્ર-ગોબરનો કે પછી એક કિલોગ્રામ બીજને ત્રણ ગ્રામ કાર્બેન્ડાઈઝીમનો પટ આપવો જોઈએ. વાવણી કર્યા પછી તેને ઝારાથી પાણી આપવું જોઈએ. પાણી આપ્યા બાદ ક્યારાને નાળિયેરીના પાન, ડાંગરના પરાળ કે પછી સૂકા ઘાસ અથવા પાંદડાંથી ઢાંકી દેવા જોઈએ. તેને કુદરતી મલ્ચીંગનો જ એક પ્રકાર ગણી શકાય છે. ગાયનું ગોબર અને ગૌ કૃપા અમૃતમને તથા વર્મિ કોમ્પોસ્ટ આપનાર ખેડૂતને અન્ય કોઈ જ રાસાયણિક ખાતરની જરૂર પડતી નથી. રાસાયણિક ખાતર અને જંતુનાશકો ખર્ચાળ અને માનવ આરોગ્ય માટે હાનિકારક હોવાથી તેનો ઉપયોગ કરવાનું ટાળવું જોઈએ. છતાંય રાસાયણિક ખાતરથી અને જંતુનાશકોનો ઉપયોગ કરીને ખેતી કરવા ઈચ્છનારાઓ ધરુવાડિયામાં 500 ગ્રામ નાઈટ્રોજન, 500 ગ્રામ ફોસ્ફરસ, નાખી શકે છે. ધરુ વાડિયામાં રોગ ન લાગે તે માટે ફોરેટ 10-જી કે પછી 10 દિવસના અંતરે ડાયામીથિએટ 0.003 ટકા લઈને 10થી 15 લિટર પાણીમાં ભેળવીને તેનો છંટકાવ કરી શકાય છે. પ્રાકૃતિક ખેતી કરનારાઓ તેના પર ગૌમૂત્રમાંથી બનાવેલા જંતુનાશકોનો ઉપયોગ કરી શકે છે.

એક એકરમાં 70 ક્વિન્ટલ મરચાં ઊગી શકે છે. અંદાજે સાત હજાર કિલો મરચાં ઊગે છે. બીજની વાવણી કર્યા પછી છ મહિનાના ગાળામાં મરચાં તૈયાર થઈ જાય છે. મરચાંનો કિલોદીઠ ભાવ રૂ. 20નો મળે તો પણ એક ક્વિન્ટલના રૂ. 2000 મળી શકે છે. આમ 70 ક્વિન્ટલના રૂ. 1,40,000 મળી શકે છે. પ્રાકૃતિક ખેતી કરનારા તેમાંથી એક એકરે છ મહિનાના ગાળામાં રૂ. 50,000ના ઈન્વેસ્ટમેન્ટ પર રૂ. 90000થી રૂ. 1,00,000ની કમાણી કરી શકે છે. રિટેઈલ માર્કેટમાં પોતે વેચાણ કરવાની વ્યવસ્થા કરી દે તો ખેડૂત તેમાંથી અંદાજે રૂ. 1,50,000થી રૂ. 1,80,000ની આવક કરી શકે છે. કૃષિ ઉત્પન્ન બજારમાં અંદાજે કિલોદીઠ ભાવ માંડ રૂ. 20થી 25નો હોય છે. જે છૂટક ભાવના માંડ 25થી 30 ટકા જેટલો જ હોય છે. ખેડૂતોની મહેનત પર વેપારીઓ કમાય તેના કરતાં ખેડૂતો પોતે કે સહકારી સંસ્થાઓના માધ્યમથી છૂટક વેચાણ કરવાની વ્યવસ્થા કરી લેવી જોઈએ. ખેડૂત જે મરચાં હોલસેલમાં કે કૃષિ ઉત્પન્ન બજાર સમિતિમાં કિલોદીઠ રૂ. 20ના ભાવમાં વેચે છે તે જ મરચાંના રૂ. 40થી 50ના ભાવથી છૂટક બજારમાં વેચી શકે છે. આ કાર્ય કરવા માટે સહકારી સંસ્થાઓએ કે ફાર્મર્સ પ્રોડ્યુસર્સ ઓર્ગેનાઈઝેશને આયોજન કરવું જોઈએ.

વિપરીત હવામાન સામે ટકી શકે તેવી કેરીની જાતો ઉગાડી રહ્યા છે ગુજરાતના ખેડૂતો



















ક્લાઈમેટ ચેન્જ કે જળવાયુ પરિવર્તનની સૌથી વધારે અસર જો કોઈ પાક પર પડી હોય તો તે કેરીનો પાક છે. વાતાવરણમાં પલટાને કારણે ઘણા ખેડૂતો કેરીના પાકમાં નિષ્ફળતાનો સામનો કરી રહ્યા છે. ગુજરાતમાં વાપીથી માંડીને કચ્છ સુધી વિપરીત હવામાનની કેરીના ઉત્પાદન પર નકારાત્મક અસર પડી છે. ખેડૂતો હવે પોતાના પાકને બચાવવા માટેના વિકલ્પ શોધી રહ્યા છે. ઘણા ખેડૂતોએ તો થાકી હારીને કેરીની ખેતી છોડી દીધી છે. પરંતુ કેટલાંક ખેડૂતો એવા પણ છે જે કેરીની એવી જાતો શોધી રહ્યા છે જે હવામાનના ફેરફારો સામે ટકી શકે.

ગુજરાતમાં 1.77 લાખ હેક્ટરમાં આંબા છે. એક એકર દીઠ અંદાજે 100 આંબાના ઝાડ હોય છે. કૃષિ અધિકારીઓના જણાવ્યા મુજબ ગુજરાતમાં અંદાજે 4.40 કરોડ આંબાના વૃક્ષો છે અને અંદાજે 11 કરોડ ટન કેરીનું ઉત્પાદન થાય છે. પરંતુ બદલાતા હવામાનને કારણે આંબાના ઘણા બગીચા આફતમાં આવી ગયા છે અને તેના વાવેતર વિસ્તારમાં જરાય વધારો થઈ રહ્યો નથી.

10 વર્ષમાં કેરીની ઉત્પાદકતા પણ ઘટી છે. 2013-14માં હેક્ટર દીઠ 7.89 ટન કેરી પાકતી હતી. વિપરીત હવામાનને કારણે આ ઉત્પાદન ઘટીને 6.28 ટન થઈ ગયું છે. આમ 10 વર્ષમાં હેક્ટરદીઠ કેરીની ઉત્પાદકતામાં 1.61 ટનનો ઘટાડો થયો છે. 2013-14માં 1.43 લાખ હેક્ટર વિસ્તારમાં 11.26 કરોડ ટન કેરી પાકતી હતી જે અત્યારે ઘટીને 11.15 કરોડ ટન થઈ ગયું છે.

જો કે નવસારીના એક ખેડૂત આ વિપરીત પરિસ્થિતિનો સામનો કરવા માટે પોતાના ખેતરમાં અવનવા પ્રયોગો કરી રહ્યા છે. નવસારીના 68 વર્ષના ખેડૂત ધનસુખભાઈ વલ્લભભાઈ પટેલે પોતાના ખેતરમાં લુમ થતી અને હવમાન સામે ટક્કર ઝીલી શકે તેવી જાતો વાવી છે. તેઓ દર બે કે ત્રણ વર્ષે લુમ થઈ રહી હોય તેવી જાતો વાવે છે. નવસારીના ભૂલાફળિયા ગામના ખેડૂત ધનસુખભાઈ પટેલના ખેતરમાં 30 પ્રકારની કેરી પાકે છે જેમાંથી પાંચ આંબા લુમ થતી જાતિઓના છે.

ધનસુખભાઈ પટેલ પોતાના ખેતરને પ્રયોગશાળા માને છે. તેઓ કોમર્શિયલ કેરીની જાતો ખેતરમાં રોપે છે અને તેનું સતત નીરિક્ષણ કરે છે. તેમાંથી હવામાન સામે જે જે જાતો ઝઝૂમી શકતી હોય તેને ઓળખી કાઢે છે.

તેમના નીરિક્ષણ પરથી ધનસુખભાઈ જણાવે છે, "હાફૂસ સંવેદનશીલ હોય છે અને તેની ખૂબ માવજત કરવી પડે છે." ગુજરાતમાં કેરીની ખેતીમાં નવસારી-વલસાડ અગ્રેસર છે. કેરીના સૌથી વધુ સંખ્યામાં ઝાડ અહીં જ જોવા મળે છે. નવસારીમાં 35,000 હેક્ટર આંબામાં 2.20 કરોડ જેટલી કેરી પાકે છે જે ગુજરાતમાં સૌથી

છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાતમાં કેરીની ખેતી કરતા ખેડૂતોને પડકારજનક સમયનો સામનો કરવો પડી રહ્યો છે.

હાફૂસ બદલાતા હવામાન સામે ટકી ન શકતી હોવાથી દક્ષિણ ગુજરાતના ખેડૂતો સોનપરી તરફ વળ્યા છે.



ગુજરાતમાં કેરીની ખેતીના બદલાઈ રહેલા વહેણ

દક્ષિણ ગુજરાતમાં હાફૂસ અગ્રેસર હતી પરંતુ બદલાતા વાતાવરણ સાથે હાફૂસમાં જીવાત પડતા હવે તેના ખેડૂતો માઠા દિવસોનો સામનો કરી રહ્યા છે.

બદલાતા વાતાવરણ અને વરસાદને કારણે હાફૂસ અને કેસર સહિત અન્ય કેરીઓને નુકસાન થાય છે અને તે બજારમાં મોડી આવી છે.

કચ્છમાં 2025માં આંબાના ઝાડ પર પુષ્કળ માત્રામાં મોર લાગ્યા હતા પરંતુ દેશલપરથી વેસલપર સુધી કળીઓ બળીને ખરી પડી હતી.

છેલ્લા ત્રણ વર્ષથી કમોસમી વરસાદ, કરા, બિપોરજોય વાવાઝોડા જેવી સમસ્યાઓને કારણે આંબાના બગીચા ફળ-વિહોણા થઈ ગયા છે.

વેસલપરના મયૂરભાઈ ભીમાણીના ખેતરમાં 1200 આંબાના વૃક્ષો પર સારા ફૂલ આવ્યા હતા પરંતુ ઝાકળ અને ગરમીને કારણે ઘણું નુકસાન થયું છે.

વેસલપરમાં મુકેશભાઈ ઉખાણીના આંબાના બગીચામાં ઝાકળ અને ગરમીને કારણે 80થી 85 ટકા પાકને નુકસાન ગયું છે.

કમોસમી વરસાદને કારણે કેરીના પાકને 10થી 25 ટકા નુકસાન થાય છે. ત્રણ માવઠા પડે તો 75 ટકા પાકને નુકસાન થાય છે.

વધારે છે. નવસારી-વલસાડમાં હેક્ટરે સરેરાશ 6.25 ટન કેરી પાકે છે. વલસાડમાં આંબાના બગીચામાં 2.92 કરોડ ટન કેરી 38,000 હેક્ટર વિસ્તારમાં પાકે છે. દક્ષિણ ગુજરાતના 7 જિલ્લાનો ગુજરાતના કુલ કેરી ઉત્પાદનમાં ફાળો 52 ટકા જેટલો છે. પરંતુ વાતાવરણના બદલાવને કારણે આ જિલ્લાઓમાં પણ કેરીની ઉત્પાદકતા નીચી જઈ રહી છે.

ધનસુખભાઈ પોતાનો જ અનુભવ જણાવતા કહે છે, "2025માં આંબા પર સારો ફાલ આવ્યો હતો. પરંતુ એકા એક ફાલ ખરી પડતા ઉત્પાદનને મોટો ફટકો પડ્યો છે. મારી પાસે 30 જાતના આંબા છે. તેમાંથી કેટલાંકમાં સારા ફળ આવ્યા છે તો કેટલાકમાં સાવ નિષ્ફળતા મળી છે." તેમના ખેતરમાં બિહારમાં પાકતી મકારમ અને ગોરજીત જાતો જોવા મળે છે જે હવામાન સામે લડવા સક્ષમ છે. વળી, તે બારે મહિના ફળ આપે છે. 2025માં કોંકણથી માંડીને કચ્છ સુધીના ખેડૂતોએ ફાલ ખરી પડવાની ફરિયાદ કરી છે. તેને કારણે 4000 મણની સામે 400 મણ જ ઉત્પાદન મળી રહ્યું છે

ધનસુખભાઈ પોતાના ખેતરમાં કેરીની વરાયટી વધારીને 60 સુધી કરવા માંગે છે. આ માટે તેઓ નવી જાત શોધી રહ્યા છે. તેઓ એવી પણ જાતો વાવી રહ્યા છે જે લુમ થવાને આરે છે. પરંતુ નવી વરાયટી માટે તેઓ એ ધ્યાન અવશ્ય રાખે છે કે તે હવામાનમાં થતા ફેરફારો સામે ઝીંક ઝીલે તેવી હોવી જોઈએ. આ ઉપરાંત તે સરદાર, મુંબઈ ગરો અને ગોરજી જાત ઉગાડે છે. તેઓ કહે છે, "મારે કેરીની લુમ થતી જાતો બચાવવી છે. આથી હું કલમ બનાવી લોકોને આપું છું." જુદા જુદા સ્વાદની કેરીની વેરાયટીને બચાવવા માટે તેઓ પ્રયત્ન કરી રહ્યા છે.

એક સમયે દક્ષિણ ગુજરાતમાં હાફૂસ કેરી પુષ્કળ પ્રમાણમાં થતી હતી. પરંતુ ધનસુખભાઈ જણાવે છે, "હાફૂસ હવે ગુજરાતના વાતાવરણ સામે અત્યંત સંવેદનશીલ બની ગઈ છે. આથી હું કેસરને વધારે પસંદ કરું છું. તેના 700 ઝાડ મારા બગીચામાં છે. તોતાપુરી પણ હવામાન સામે ટકી શકે તેવી જાત છે. મારા ખેતરમાં તોતાપુરીના 50 ઝાડ છે." આ ઉપરાંત સોનપરીના 10, લંગડોના 10, રાજાપુરીના 10, દશેરીના 10, આમ્રપાલીના 10, જંબો કેસરના 10, અરૂણિકાના 5, અંબિકાના 5 ઝાડ, ચોસાના 5, સબજાના 2 વૃક્ષ છે. તેમના બગીચામાં કેળા જેવી બનાના કેરીની જાત થાય છે. જો કે તે હવામાન સામે સંવેદનશીલ છે. ધનસુખભાઈના બગીચામાં તમને કાળી હાફૂસનું વૃક્ષ પણ જોવા મળશે. આ ઉપરાંત સદાબહાર, ફજલી, મિયાજાતી, નેમડોપ, જાપાની પલમા જાતની કેરી તેઓ ઉગાડે છે.

સોનપરીની ખેતી તરફ વળી રહેલા ગુજરાતના ખેડૂતો

ગુજરાતના કૃષિ વૈજ્ઞાનિકોએ હાફૂસ અને બલેસાન કેરીનું મિશ્રણ કરીને સોનપરી કેરી વિકસાવી છે. તે અન્ય કેરીની સરખામણીમાં મોંઘી છે. તેના ગુણધર્મો હાફૂસ જેવા હોય છે અને તે સ્વાદમાં હાફૂસ કરતા પણ ઉત્તમ હોય છે. તેમાં માવો પુષ્કળ પ્રમાણમાં અને સારી ગુણવત્તાનો હોય છે. તેનો રંગ આછો પીળાશ પડતો અને સોનેરી હોય છે. નવસારીના ઘણા ખેડૂતો આ કેરીના વાવેતર તરફ વળ્યા છે. સોનપરીનું ફળ 400થી 800 ગ્રામનું હોય છે. તેની છાલ જાડી હોવાથી તે વાતાવરણના બદલાવ સામે ટકી શકે છે. નિકાસ કરવા માટે સોનપરી ઉત્તમ ગણાય છે.

જિનેટિકલી મોડિફાઇડ બિયારણ કુદરત સાથે રમત કરવા સમાન

ખેત ઉપજના બિયારણને જિનેટિકલી મોડિફાઈડ કરવાના પ્રયાસો એ કુદરત સાથે રમત કરવા સમાન છે. કેન્દ્રના કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે માર્ચના અંતમાં જાહેર નિવેદન કરતાં જણાવ્યું છે. તેમણે કહ્યુ હતું કે જિનેટિક મોડિફિકેશન કરવાને પરિણામે ખેતઉપજમાં વધારો થતો હોય તો પણ આ પ્રકારની રમત ન કરવી જોઈએ. ખેત ઉપજમાં વધારો કરવા માટે સારી ગુણવત્તાના બિયારણની જરૂર પડે છે. અમે બિયારણની ઉત્પાદન ક્ષમતામાં વધારો કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. તેને માટે ભારતભરની લેબોરેટરીમાં અખતરાઓ થઈ રહ્યા છે. લેબોરેટરીમાં તૈયાર કરવામાં આવેલા બિયારણને અમે જમીન સુધી એટલે કે ખેતર સુધી પહોંચાડી રહ્યા છે.

હજી એક વર્ષ પહેલા જ ભારત સરકારે જુદા જુદાં પાક માટે ક્લાઈમેટ ચેન્જના બદલાવ વચ્ચે પણ ટકી રહે અને સારો પાક આપે તેવા બિયારણ ભારતના ખેડૂતો માટે બજારમાં મૂક્યા છે. હજી નવા બિયારણ તૈયાર કરવા માટે ભારતના કૃષિ વિજ્ઞાનીઓ વચ્ચે સ્પર્ધાનું આયોજન કરી સારામાં સારા બિયારણ તૈયાર કરવા જણાવ્યું છે. એક તરફ ભારત સરકાર ભરપૂર પ્રયાસો કરી રહી છે, છતાંય ભારત સરકારને નવા નવા બિયારણ મૂકવામાં કેટલીક મર્યાદાઓ નડી રહી છે. કારણ કે જિનેટિકલી મોડિફાઈડ બિયારણને બજારમાં મૂકવાના મત સાથે ભારત સરકાર સહમત નથી.

વિશ્વના અન્ય દેશો જિનિટિકલી મોડિફાઈડ સીડ્સની મદદથી બમ્પર ક્રોપ લેતા હોવા છતાં ભારત સરકારનું મન માનતું નથી. આ બમ્પર ક્રોપને કારણે ખેડૂતોની ઉત્પાદન કિંમત નીચે આવી રહી છે. ફાર્મર્સ પ્રોડ્યુસર્સ ઓર્ગેનાઈઝેશનની એક કોનક્લેવમાં બોલતા શિવરાજસિંહ ચૌહાણે પ્રસ્તુત રજૂઆત કરી હતી. તેથી જિનેટિકલી મોડિફાઈડ બિયારણને બદલે સારી ગુણવત્તાના બિયારણ તૈયાર કરવા પર ભારત ફોકસ કરી રહ્યું છે.

જિનેટિકલી મોડિફાઇડ બિયારણના જોખમો

ભારત સરકાર બિયારણની ગુણવત્તા પર ફોકસ કરી રહી છે કારણ કે જિનેટિકલી મોડિફાઈડ કરેલાં બિયારણની ઉપજ માનવ આરોગ્ય માટે જોખમી ગણાય છે. તેનાથી માનવના ડીએનએમાં પરિવર્તન આવવાનો ખતરો રહેલો છે. બીજું, કેન્સર થવાનું જોખમ પણ રહેલું છે. ત્રીજું, એલર્જીની સમસ્યા વકરી જવાની શક્યતા રહેલી છે. માનવ શરીરના અવયવોમાં વિષારી ઘટકો પ્રવેશી જવાનું જોખમ રહેલું છે. હા, તેનાથી કૃષિ ઉપજમાં વધારો થાય છે તેની ના જ નથી. પરંતુ તેનાથી ગેરલાભ પણ ઘણા થાય છે. જિનેટિકલી મોડિફાઈડ બિયારણથી માનવ આરોગ્યને જોખમ ઊભું થાય છે. પર્યાવરણનો નુકસાન થાય છે. તેમ જ તેની આર્થિક અસર પણ મોટી પડે છે.

માનવ શરીરમાં જિનેટિકલી મોડિફાઈડ બિયારણથી લેવામાં આવેલા પાકના આહારથી એલર્જીની સમસ્યા થવાની સંભાવના રહેલી છે, કારણ કે માનવ શરીરમાં તેનાથી નવા જ પ્રકારના પ્રોટીનનો પ્રવેશ થાય છે. બીજના જિન્સમાં ફેરફાર કરીને તેમાં સુધારો કરવામાં આવે છે. તેનાથી એન્ટિબાયોટિક્સનો પ્રતિકાર કરવાની ક્ષમતા તે છોડમાં આવી જાય છે. તેને પરિણામે પાકને રોગ લગાડતા જીવાણુઓમાં પણ એન્ટિબાયોટિક્સનો પ્રતિકાર કરવાની ક્ષમતા આવી જવાની સંભાવના રહેલી છે. તેથી કોઈ ચેપ લાગ્યો હોય તો તેની સારવાર કરવી કઠિન બની જાય તેમ છે. જિનેટિકલી મોડિફાઈડ બીજથી લેવામાં વતા પાકને કારણે માનવ શરીરમાં ઝેરી દ્રવ્યો ઘૂસી જાય છે. પરિણામે માનવ આરોગ્ય સામે ઘણાં જોખમો ઊભા થઈ શકે તેમ છે.



જંતુનાશકોને અસરહીન કરી શકે

જિનેટિકલી મોડિફાઈડ સીડ્સને કારણએ જંતુનાશકોનો પ્રતિકાર કરવાની ક્ષમતા આવી શકે છે. તેમાં થતી નિંદામણમાં પણ જંતુનાશકનો પ્રતિકાર કરવાની ક્ષમતા આવી શકે છે. તેથી વધુ જોખમી બાબત તો એ છે કે જિનેટિકલી મોડિફાઈડ બિયારણનો ઉપયોગ કરવાને પરિણામે કુદરતમાં ઉછરતા અનેક પ્રકારના બેક્ટેરિયા ખતમ થઈ જાય છે. તેથી પાકને રક્ષણ આપતા બેક્ટેરિયા પણ ખતમ થઈ જાય છે. તેથી જંતુઓ, રોગચાળા અને ક્લાઈમેટ ચેન્જનો પ્રતિકાર કરવાની ક્ષમતા છોડવાઓ ગુમાવી બેસે છે.

જિનેટિકલી મોડિફાઇડ બિયારણના ગેરલાભ

જિનેટિકલી મોડિફાઈડ બિયારણથી લેવાતા પાકમાંના વિષારી તત્વો માનવ લોહીમાં ભળેલા જોવા મળી રહ્યા છે. જિનેટિકલી મોડિફાઈડ બિયારણ ધરાવતા પાકમાં કેટલાક વિષારી ઘટકો પેદા થાય છે. તેથી કુદરતી બેક્ટેરિયા તે પાકને ખાવાનું ટાળે છે. તેના મૂળ પર આક્રમણ કરતાં અટકે છે. આ વિષારી ઘટકો માનવ લોહીમાં ભળી જતાં હોવાનું જોવા મળી રહ્યું છે. જિનેટિકલી મોડિફાઈડ બિયારણના પાકને કારણે માનવને એલર્જી થવાની સંભાવના રહેલી છે. તેના છોડની પરાગરજમાં વિષારી ઘટકો હોવાની સંભાવના છે.

માનવ વસતિ વધી રહી હોવાથી અનાજની જરૂરિયાત વધી રહી છે. તેની સાથે જ નવા જંતુઓ અને બેક્ટેરિયાઓ પણ પેદા થતાં રહેતા હોવાથી પાક પર તેની વિપરીત અસર થતી રહે છે. આ સંજોગોમાં ખેતી કરવાની નવી નવી ટેકનિક અપનાવવાની જરૂર ઊભી થાય છે. જિનેટિકલી મોડિફાઈડ બિયારણ આ જ દિશામાંનું એક ડેવલપમેન્ટ હોવા છતાં તે જોખમી બની રહ્યું હોવાના નિર્દેશો મળી રહ્યા છે.

બ્રિટનમા જિનેટિકલી મોડિફાઈડ બિયારણથી પાક લેવામાં આવતો નથી. હા, અમેરિકા, બ્રાઝિલ, આર્જેન્ટિના, ઈન્ડિયા અને કેનેડામાં જિનેટિકલી મોડિફાઈડ બિયારણથી પાક લેવામાં આવી રહ્યો છે. તેનાથી પાક તો વહેલો તૈયાર થઈ જાય છે, પરંતુ નુકસાન વધુ થાય છે. આ નુકસાનનો અત્યારે અંદાજ આવતો જ નથી. તેનાથી ઉપજ વધતા ઉત્પાદન ખર્ચ ઘટે છે. તેથી ગ્રાહકોને તે સસ્તા દામે મળી શકે છે. પરંતુ તેમના આરોગ્ય પર તેની પડનારી અસર લાંબે ગાળે ખર્ચાળ સાબિત થઈ શકે છે. જમીન પરની જીવજંતુઓ અને બેક્ટેરિયાને ખતમ કરતી હોવાથી ગુજરાતીઓ અને ભારતીયો માટે સસ્તી અને મસ્ત ખેતી કોઈ હોય તો તે પ્રાકૃતિક અને ગાય આધારિત, ગાયના ગોબર આધારિત પ્રાકૃતિક ખેતી છે. ગાયને, બળદને અને જમીનને તેના થકી નવજીવન મળી રહ્યું છે. તેનાથી ખેતઉપજનો સ્વાદ સુધરશે. માનવના આરોગ્ય પર અવળી અસર ઓછી થશે. ડાયાબિટીસ અને કેન્સર જેવી જીવલેણ અને સદાય કનડતી બીમારીઓથી દૂર રાખશે.

જિનેટિકલી મોડિફાઇડ નિંદામણ

જિનેટિકલી મોડિફાઈડ બિયારણના માધ્યમથી વિજ્ઞાનીઓએ નિંદામણનો પ્રતિકાર કરવાની ક્ષમતા ધરાવતા જિન્સનો ઉમેરો કર્યો છે. ખેડૂત તેનો છંટકાવ આખા ખેતરમાં ખેડૂત કરી શકે છે. તેનો છંટકાવ કરવાથી માત્ર નિંદામણ જ ખતમ થશે. ઊભા પાકને કે છોડને કોઈ જ અસર થશે નહિ. તેનાથી ખેતરમાંથી નિંદામણ ઘટી જાય છે. નિંદામણને ખતમ કરતા જિનેટિક મોડિફિકેશનને પરિણામે બાયોડાયવર્સિટી એટલે કે કુદરતી બેક્ટેરિયા-જીવજંતુઓની વિવિધતા ખતમ થઈ રહી છે. નિંદામણની અનેક જાતો ખતમ થઈ ગઈ છે. આ નિંદામણ જાનવરો માટે ઉપયોગી સાબિત થતી હતી. જમીનના બેક્ટેરિયા પર પણ તેની ખરાબ અસર પડી શકે છે. જિનેટિકલી મોડિફાઈડ બિયારણને પરિણામે ઉત્તર અમેરિકાના વિસ્તારમાંથી મોનાર્ક તરીકે ઓળખાતા બેક્ટેરિયાની જાત નાશ પામી છે.

જિનેટિકલી મોડિફાઇલ ગોલ્ડન રાઈસની આડઅસર

કૃષિ વિજ્ઞાનીઓએ નિંદામણનો પ્રતિકાર કરી શકે તેવા ગોલ્ડન રાઈસ ડેવલપ કર્યા છે. તેને માટે જિનેટિકલી મોડિફાઈડ બેક્ટેરિયા ડેવલપ કર્યા છે. તેનો ઉપયોગ ખેતઉપજ વધારવા માટે કરવામાં આવી રહ્યો છે. ગોલ્ડનરાઈસમાં બીટા કેરોટીનનું વધારાનું ઘટક હોય છે. આ બીટા કેરોટીન વિટામિન એ બનાવવા માટે મહત્વનું છે. જંગલી રાઈસના જિન્સમાં બેટાકેરોટિનનો ઉમેરો કરીને વિજ્ઞાનીઓએ તેમાં બીટા કેરોટીનનો ઉમેરો કર્યો છે. માનવ શરીર માટે વિટામીન એ બનાવવા માટે બીટા કેરોટીન મહત્વનું ગણાય છે. આમ વિટામિન એ ની અછત ધરાવતા લોકો માટે ગોલ્ડન રાઈસ મહત્વના ગણાય છે. ગોલ્ડન રાઈસ જેમના શરીરમાં વિટામિન એનું પ્રમાણ પૂરતું હોય તેઓ લે તો તેમના પર તેની અવળી અસર પડી શકે છે. હવે તેનું ક્રોસ બ્રિડિંગ થવાનો ભય લાગી રહ્યો છે. તેનાથી વાઈલ્ડ રાઈસની જાત પણ ખરાબ થઈ જવાનો ભય વધી રહ્યો છે.

જિનેટિકલી મોડિફાઇડ કરેલાં બિયારણના પાકનો આહારમાં ઉપયો કરવાથી માનવના ડીએનએમાં પરિવર્તન આવવાનો, કેન્સર થવાનો અને એલર્જીની સમસ્યા વકરી જવાની શક્યતા છે.





નાના ખેડૂતોને ખેતી મોંઘી પડે

જિનેટિકલી મોડિફાઈડ બિયારણ ખાસ્સું મોંઘું છે. તેની સાથેની ટેકનોલોજી પણ મોંઘી જ હોય છે. તેથી નાના ખેડૂતો માટે ખેતી મોંઘી પડે છે. તેથી બજારમાં એટલે કે ખાનાર સુધી પહોંચતા પાકની કિંમત વધી જાય છે. બિયારણ બનાવતી કંપનીઓની મોનોપોલી ઊભી થતી જાય છે. તેઓ જિનેટિકલી મોડિફાઈડ બિયારણ ડેવલપ કરીને તેને પેટન્ટ કરાવી લે છે. આ પેટન્ટ કરાવનારી કંપનીઓ બહુધા મોટી કંપની હોય છે. બિયારણની બજારમાં મોટી કંપનીઓની ઈજારાશાહી વધે તે ખેતી માટે લાભદાયી નથી જ નથી. કારણ કે તે ખેડૂતોની સ્વાયત્તતા પર તરાપ મારવાની આદત કે વલણ ધરાવતી હોય છે. જિનેટિકલી મોડિફાઈડ બિયારણથી લેવામાં આવતા પાકને કારણે વેપારમાં અવરોધ આવી શકે છે. તેને પરિણામે આંતરરાષ્ટ્રીય સ્તરનો વેપાર ગૂંચવાડા ભર્યો બની શકે છે. તેને માટે બિયારણ બનાવતી કંપનીઓની શરતો કામ કરી જાય છે.

ફલીકરણ કરાવતી મધમાખી-ભમરા પર પણ અસર

પાકના ફલીકરણની પ્રક્રિયા કરાવવામાં મદદરૂપ થતાં જીવજંતુઓ પર પણ જિનેટિકલી મોડિફાઈડ પાકના બીજની અવળી સર પડે છે. તેમાં બી.ટી. કોટન સહિતના પાકનો સમાવેશ થાય છે. કારણ કે બી.ટી. ક્રોપ કેટલાક વિષારી તત્વો પેદા કરે છે. તેથી ફલીકરણની પ્રક્રિયામાં મદદ કરતી મધમાખીના આરોગ્યના ખરાબ કરે છે. સમગ્રતયા તેની અસર ફલીકરણની પ્રક્રિયા પર પડે છે. તેથી સમય જતાં પાક ઘટવાની સંભાવના વધી જાય છે.

જિનેટિકલી મોડિફાઇડ બિયારણથી પાક લેવાને પરિણામે મધમાખી, ભમરા સહિતના ફલીકરણના કામ કરતાં જીવજંતુઓ પણ ખતમ થઈ રહ્યા છે.

જિનેટિકલી મોડિફાઇડ બિયારણને કારણે પાકમાં ભળી જતાં વિષારી તત્વો માનવ લોહીમાં પણ જોવા મળી રહ્યા છે

જિનેટિકલી મોડિફાઇડ બિયારણથી પાક લેવાને પરિણામે જમીનમાંના ખેતીને ઉપયોગી બેક્ટેરિયા ખતમ થાય છે.



કુદરતી બીજના જિન્સને નુકસાન કરી શકે

જિનેટિકલી મોડિફાઈડ બિયારણમાંથી લેવામાં આવેલા પાકને કારણે આંતરડાંની સમસ્યાઓ થઈ શકે છે. માનવ આંતરડાં સુધી જતાં સંપૂર્ણ ટ્રેક પર તેની અવળી અસર પડે છે. તેથી પાચનતંત્ર નબળું પડે છે. કુદરતી જિન્સના સમુહ પર પણ તેની અવળી અસર પડે છે. જિનેટિકલી મોડિફાઈડ બિયારણના પાક અને કુદરીત બિયારણના પાકના બીજના ફલીકરણ વખતે એકમેકમાં મિક્સ થઈ જવાને પરિણામે કુદરતી બિયારણને પણ ખરાબ કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો કુદરતી બિયારણના જિન્સને પણ ખરાબ કરે છે. દરેક પ્રકારના કુદરતી બિયારણને અને પાકના બીજના જિન્સને તે નુકસાન પહોંચાડી શકે છે.



ખેતી બેન્કના ચેરમેન ડોલરભાઈ કોટેચાએ લોકસભા સ્પીકર ઓમ બિરલાજી અને કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયાની શુભેચ્છા મુલાકાત લીધી



નાફકાર્ડ અને ખેતી બેન્કના ચેરમેન ડોલરભાઈ કોટેચાએ 25 માર્ચના રોજ દિલ્હીમાં લોકસભાની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેઓ લોકસભાના સ્પીકર ઓમ બિરલાજીને મળ્યા હતા. મુલાકાત દરમિયાન તેમણે ઓમ બિરલાજીને ખેતી બેન્કની વિકાસ યાત્રાથી અવગત કરાવ્યા હતા અને તેમની સાથેના જૂના પારિવારિક સંસ્મરણો તાજા કર્યા હતા. ખેતી બેન્કની કામગીરીથી પ્રભાવિત માનનીય સ્પીકર ઓમ બિરલાજીએ ભવિષ્યમાં પણ ખેતી બેન્ક ઉત્તરોત્તર પ્રગતિ કરતી રહે તેવી શુભકામના પાઠવી હતી. લોકસભાની મુલાકાત દરમિયાન ખેતી બેન્કના ચેરમેન ડોલરભાઈ કોટેચા કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણીયા, ગુજરાતના પૂર્વ કેબિનેટ મંત્રી કિરીટસિંહ રાણા અને સુરેન્દ્રનગરના ભાજપના ઉપપ્રમુખ રાજભા ઝાલાને પણ મળ્યા હતા. તેમણે કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયાને ખેડૂતોના સર્વાંગી વિકાસ અને હિત માટે ખેતી બેન્કે કરેલા કાર્યો અને હાથ ધરેલી પહેલો અંગે માહિતી આપી હતી.









ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેંક લી.

KHETI BANK

૪૮૯, આશ્રમ રોડ, નહેરુબ્રીજ સામે,અમદાવાદ-૯.

0% NPA

'સહકારથી સમૃધ્ધિ'ના મંત્રને સાર્થક કરતી

ગુજરાતના ખેડૂતોની પોતાની બેંક ખેતી બેંક

૭૪ વર્ષથી ખેતી બેંક ખેડૂતોની સાથે

બેંકનો નફો રૂા.૧૦૩.૧૦ કરોડ

૦% એનપીએ ધરાવતી દેશની સૌપ્રથમ ખેતી બેંક

નાણાંકીય વર્ષના પ્રથમ દિવસે હિસાબો રજૂ કરતી દેશની એક માત્ર બેંક

રાજ્યની સૌથી વધુ ખેડૂત સભાસદ ધરાવતી ખેતી બેંક દ્વારા
૩૧મી માર્ચે જાહેર કરેલ રૂા.૧૦૩.૧૦ કરોડનો ગ્રોસ નફો અને
રૂા. ૭૨.૦૫ કરોડનો અનઓડીટેડ પ્રોવીઝનલ નેટ નફો

બેંકની તમામ શાખાઓએ નફો કરેલ છે

બેંકની વર્ષઃ ૨૦૨૪-૨૫ની પ્રોવિઝનલ અનઓડીટેડ નાણાંકીય પરિસ્થિતિ

(રકમ રૂા. કરોડમાં) (અન-ઓડીટેડ)

અ.નં.	વિગત	૨૦૨૩-૨૪	૨૦૨૪-૨૫
૧	સ્વભંડોળ	૬૪૯.૫૭	૬૮૯.૮૮
૨	ધિરાણ	૮૩૭.૮૯	૯૭૫.૩૧
૩	થાપણો	૨૨૪.૫૪	૨૫૫.૨૦
૪	કુલ આવક	૧૭૯.૩૧	૨૦૬.૫૧
૫	ગ્રોસ નફો	૯૧.૦૦	૧૦૩.૧૦
૬	નેટ નફો	૬૫.૦૦	૭૨.૦૫
૭	નેટ એન.પી.એ.	0%	0%

જીવણભાઈ આહીર
વાઈસ ચેરમેન

કે. બી. પટેલ
જનરલ મેનેજર

વિ. એમ. ચૌધરી
જોઈન્ટ એમ.ડી.

ડોલર કોટેચા
ચેરમેન

બોર્ડ ઓફ ડીરેક્ટર્સ તથા **કર્મચારીગણ**

Content & Design:વાઇબ્રન્ટ ઉદ્યોગ |Contact: 9998373183 | E-mail: vibrantudyog@gmail.com | Address: 1104, Iconic Shyamal, Shyamal Cross Road, Ahmedabad.